

હદીસે પાકના અજવાળે


અહલે બયતની ફઝીલત



લેખક :–
સૈયદ ઈમ્તિયાઝહુસૈન પી. બુખારી
મુ. કઠોર, તા. કામરેજ, જિ. સુરત


★ પ્રકાશક ★
"રૂહાની પયગામ (માસિક) કાર્યાલય"
પંચાયત ભવન, દુકાન નં. ૧૦, ટંકારીઆ, તા. જી. ભરૂચ
ફોન : ૦૨૬૪૨-૨૭૧૨૩૭ ● મો. ૯૮૨૪૬ ૬૬૩૪૭





હદીસે પાકના અજવાળે

અહલે બયતની ફઝીલત



લેખક :–
સૈયદ ઈમ્તિયાઝહુસૈન પી. બુખારી
મુ. કઠોર, તા. કામરેજ, જિ. સુરત

★ પ્રકાશક ★
"રૂહાની પયગામ (માસિક) કાર્યાલય"
પંચાયત ભવન, દુકાન નં. ૧૦, ટંકારીઆ, તા. જી. ભરૂચ
ફોન : ૦૨૬૪૨-૨૭૧૨૩૭ ● મો. ૯૮૨૪૬ ૬૬૩૪૭

કિતાબનું નામ : **હદીસે પાકની રોશનીમાં**
અહલે બયતની ફઝીલત

લેખક : **સૈયદ ઈમ્તિયાઝહુસૈન પી. બુખારી**
મુ. કઠોર, તા. કામરેજ, જિ. સુરત

સંપાદક : **હાજી મુહમ્મદ આદમ માસ્તર**
ટંકારીઆ, તા. જી. ભરૂચ

પ્રકાશન વર્ષ : હિ.સ. ૧૪૪૩, ઈ.સ. ૨૦૨૧

પ્રત : ૩૦૦૦

મૂલ્ય : રૂહાની પયગામના સખીદાતાઓ માટે દુઆ

મુદ્રક : **સીટી પ્રિન્ટર્સ,**
એ-૮૮, પટેલ સુપર માર્કેટ,
સ્ટેશન રોડ, ભરૂચ-૩૯૨૦૦૧
Mo. 9898 474 669

★ પ્રકાશક ★

"રૂહાની પયગામ (માસિક)"

પંચાયત ભવન, દુકાન નં.૧૦, ટંકારીઆ, તા. જી. ભરૂચ
મો. ૯૮૨૪૬ ૬૬૩૪૭, ૯૯૦૯૪ ૫૧૪૫૨, ૯૮૨૪૦ ૯૫૪૧૨



પ્રકાશકની વાત

અહલે બયતે અત્હર પે લાખું સલામ...

નહમદૂહુ વ નુસલ્લી અલા રસૂલિહીલ કરીમ...

દરેક નબી અને રસૂલને પોતપોતાના સમયમાં પોતાની કૌમને તવહિદે બારી તઆલા, અલ્લાહના હુકમો અને પોતાની રિસાલતના પ્રચાર-તબ્લીગ સાથે જણાવી દેવાતું કે, આ તબ્લીગ-પ્રચાર અને ઈશાઅતનો બદલો-સવાબ "હું તમારા લોકોથી નથી માંગતો" પરંતુ આનો બદલો હું મારા રબથી માંગીશ.

જ્યારે હઝરત નૂહ અલયહિસ્સલામે પોતાની કૌમને તવહિદે ખુદાવંદીની દઅવત-આમંત્રણ આપ્યું અને અલ્લાહ તઆલાની બંદગી -ઈબાદત કરવાનો પ્રચાર કર્યો અને અલ્લાહના અઝાબથી ડરાવ્યા, તો તરત જ એ પણ જણાવી દીધું કે, **"વયા કૌમિ લા અસ્અલુકુમ અલૈહિ મા-લા, ઈન અજ-રિય ઈલ્લા અ-લલ્લાહિ."**

અય મારી કૌમ ! આ તબ્લીગ-ઈશાઅતના બદલમાં હું તમારાથી કોઈ માલ-દૌલત માંગતો નથી, એનો બદલો તો મારા રબ પાસે છે.

એવી જ રીતે હઝરત હૂદ અલયહિસ્સલામે પણ જ્યારે પોતાની કૌમને અલ્લાહના હુકમો બતાવ્યા અને અલ્લાહની બંદગીનો પ્રચાર કર્યો, તો તરત જ ફરમાવ્યું : **"યા કૌમિ લા અસ્અલુકુમ અલૈહિ અજરા, ઈન અજરિ-ય ઈલ્લા અ-લલ લઝી ફત-રની."**

અય મારી કૌમ ! હું આ તબ્લીગ-પ્રચારના બદલામાં તમારાથી કોઈ બદલો નથી માંગતો, પરંતુ એનો અજ તો અલ્લાહપાક પાસે છે, જેણે મને જન્મ આપ્યો.

પરંતુ જ્યારે સય્યદુલ મુરસલીન, સરકાર અબદ કરાર આકાનો સમય આવ્યો અને આપે અલ્લાહપાકની તૌહિદ, આપની રિસાલત, અઝાબ અને સવાબ અને ઈસ્લામની દાવત આપી અને પથ્થરના પૂંજારીઓને એક ખુદાના પરસ્તાર બનાવ્યા. કુફ્ર અને શિર્કના સમંદરમાં ડૂબગરાઓને ઈમામની દૌલતથી નવાઝી કિનારા ઉપર લાવ્યા ત્યારે ઈલાહી આદેશ થયો : **"કુલ લા અસ્અલુકુમ અલૈહિ અજ-રન ઈલ્લલ મ-વદ-દ-ત ફિલ કુર્બા."**

અય મારા મહબૂબ (અલયહિસ્સલામ) ! એમને કહી દો, આ તબ્લીગ અને દઅવત દેવા અને તમને ઈમાનની દૌલતથી નવાઝીશ કરવાના બદલામાં તમારાથી માલ-દૌલત નથી ચાહતા, પરંતુ તમને કલ્મા પઢાવવાના અજ્જમાં તમારા લોકોથી ઈચ્છા પ્રદર્શિત કરૂં છું કે, "મારા અહલે બયતથી મુહબ્બત કરો."

"વ-મમ-માત અલા બુગ્ઝે આલે મુહમ્મદ માત કાફિરન."

તે વ્યક્તિ જો અહલે બયતથી બુગ્ઝ, મેંપણું, અદાવત-દુશ્મનીમાં જીવ ગતે થયો, એટલે કે મૌતને પામશે, તો તે કૂફ્રની હાલતમાં મરશે અને તે જન્નતની ખૂશ્બુ સુદ્ધાંથી વંચિત રહેશે.

વાંચક હઝરાત ! ઘણા લાંબા સમયથી અમારા રૂહાની પયગામ (માસિક)ના વાંચકોની માંગ હતી કે, **"અહલે બયતની ફઝીલત"** નામની નાનકડી પુસ્તિકા-કિતાબ પ્રગટ કરો. પરંતુ મારા વિદેશ પ્રવાસ તથા ઉપરા-છાપરી શસ્ત્રક્રિયા અને તે પછી લોકડાઉન જેવી પરિસ્થિતિ સતત રહેતાં આ કામમાં થોડો વિલંબ સર્જાયો. આહિસ્તા-આહિસ્તા પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ થતાં કઠોર (તા. કામરેજ, જી.સુરત)ના સાહિત્યકાર હઝરત સૈયદ ઈમ્તિયાઝહુસૈન અ. બુખારી સાહેબનું અહલે

બયતની ફઝીલત નામનું પ્રકાશન મળી આવતાં આ કિતાબનું અક્ષરસઃ સંપાદન કરી અમારા મુહિબ્બે ગિરામી કે જેઓએ આ કિતાબનું સંપાદન કરવા બુખારી સાહેબને ફરમાઈશ કરી હતી. એ હઝરત પીરે તરીકત, ફુયુઝ ગંજુર કિબ્લા સૈયદ દાદામીયાં એસ. કાદરી સાહેબની મંજુરી, દુઆઓ યાચી પુનઃ મુદ્રણ કર્યું છે.

અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબના સદકામાં અમારી આ નાનીશી ખિદમાતને અહલે બયતે અત્હરના સદકામાં કુબૂલીયતનો જામો પહેરાવે.

ઈ દુઆ અઝમન-વ-અઝ જુમ્લા આમીન બાદ
વમા તવફિકી ઈલ્લા બિલ્લા...

ડિસેમ્બર ૨૦૨૧
મુ. ટંકારીઆ,
તા. જી. ભરૂચ

તાલિબે દુઆ
હાજી મુહમ્મદ આદમ માસ્તર
તંત્રી : રૂહાની પયગામ (માસિક)





રઈસુલ મુસન્નીફીન, પાદશાહે કલમ, પીરે તરીકત

હઝરત પીર સૈયદ કમરૂદ્દીન બાવાસાહેબ કારંટવી

(દામતે બરકાતુહુમુલ આલી)ની કલમ નવાઝી

આયતે તત્હીરસે કૌલે ખુદાસે પૂછીયે
શાને અહલે બૈતે અત્હર કરબલાસે પૂછીયે
એક અનપઢ, બેઅમલ, મઝદૂર સૈયદકા મકામ
દીનોં મિલ્લતકે મુજદ્દીદ પેશ્વાસે પૂછીયે
ગૌષે આઝમકા ઘરાના, મઝ્ઝને ઈલ્મો અમલ
ઉનકી અઝમત ક્યા કહૂં ? અહમદ રઝાસે પૂછીયે

હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનું ફરમાન છે કે, ચાર વ્યક્તિ એવી છે કે જેની હું કયામતના દિવસે તેઓની ખાસ શફાઅત કરીશ. (૧) તે વ્યક્તિ કે જેણે મારી ઔલાદની તાઝીમ (ઈઝઝત, સન્માન) કરી હશે. (૨) તે શખ્સ જેમણે મારી ઔલાદની જરૂરિયાત પૂરી કરી હશે. (૩) તે વ્યક્તિ જેણે મારી ઔલાદને મુસીબત, મજબૂરીના સમયે પોતાની હાજતો તેમની પાસે લઈ જવાની કોશિષ (મહેનત) કરી અને (૪) તે વ્યક્તિ જેણે મારી ઔલાદ સાથે દિલ અને ઝબાનથી પ્રેમ-મુહબ્બત કરી.

"કુલ લા અસ્અલુકુમ અલયહિ અજરન ઈલ-લલ-મવદ્દતા-ફિલ કુર્બા"ની તફસીરમાં હઝરત અલ્લામા ઈમામ રાઝી અલયહિ-ર્રહમા એક વિસ્તૃત હદીસમાં નકલ કરે છે કે, સરકારે અબદ કરાર આકા ફરમાવે છે કે, અહલે બૈતની મુહબ્બતમાં મૌત પામનારને શહાદતની મૌત નસીબ થશે. જે વ્યક્તિનું અહલે બૈતની મુહબ્બતમાં મૌત આવશે, તેના ગુનાહ બખ્શી દેવામાં આવશે.

ખબરદાર થઈ સાંભળી લો ! જે વ્યક્તિ અહલે બૈતની મુહબ્બતમાં મરશે, તે મુકમ્મલ ઈમાન સાથે અલ્લાહને પ્યારો થશે. જે શખ્સ અહલે બૈતની મુહબ્બતમાં મૌતને ભેટશે, તે જાણે તૌબાની હાલતમાં મર્યો. જે શખ્સ અહલે બૈતની મુહબ્બતમાં અલ્લાહને જઈ મળ્યો, તેને એવી ઈઝઝત સાથે જન્નત તરફ રવાના કરાશે, જેવી રીતે દુલ્હન દુલ્હાના ઘેર રવાના કરાય છે. અહલે બૈતની મુહબ્બતમાં મરનારની કબ્રમાં જન્નતના દરવાજા ઉઘાડા ખોલી દેવામાં આવશે.

સફારા જાગો ! આગાહ થઈ જાઓ ! જે વ્યક્તિ અહલે બૈતની મુહબ્બતમાં મૃત્યુ પામશે, અલ્લાહ તઆલા તેની કબ્રને ફરિશ્તાઓ રહમતની ઝિયારતગાહ બનાવી દેવાય છે. હોશમાં આવો અને જાણી લો કે, અહલે બૈતની મુહબ્બતમાં મૌત આવશે તો તે મસ્લકે અહલે સુન્નત ઉપર તેનો ઈન્તિકાલ થયો. *(તફસીરે કબીર, પેજ-૩૯, જિલ્દ-૨)*

હદીસે પાકના અજવાળે દસ્તયાબ કિતાબ બનામે "અહલે બયતની ફઝીલત" અહલે સુન્નતના મુખ્લિસ, બિનસ્વાર્થ અને અહલે બૈતના અદના ગુલામ-ચાહક-આશિક જનાબ હાજી મુહમ્મદ માસ્તર ટંકારવીએ પોતાના મુખપત્ર રૂહાની પયગામ (માસિક)ના સૌજન્યથી છઠ્ઠુ પ્રકાશન કર્યું છે. આ પ્રકાશનમાં અહલે બયતની ફઝીલત, નમાજ વિશે માહિતી, કુરઆન વાણી, પયામે નબવી વગેરેનો સંગ્રહ સમાવી લીધો છે. હું કિતાબના સંપાદક સૈયદ ઈમ્તિયાઝ હુસૈન બુખારી અને પ્રકાશક રૂહાની પયગામ (માસિક)ના તંત્રી હાજી મુહમ્મદ માસ્તરને દિલથી મુબારક-બાદી પેશ કરૂં છું. દુઆગો છું કે, અલ્લાહ તઆલા આ પ્રકાશન પ્રસિદ્ધ કર્તાઓની નેક મુરાદ અને નેક મકસદમાં તેઓને કામ્યાબ કરે અને અહલે બૈતની ભરપૂર મુહબ્બત દરેકના દિલોમાં ઉતારે. આમીન.

ન્યાઝમંદ,
ખાકપાએ દરિયાઈ વ અશરફી
સૈયદ કમરૂદ્દીનમીયાં એ. પીરઝાદા
દરિયાઈ-અશરફી-રફાકતી અફી અન્હો

મુ. પો. કારંટા શરીફ,
ઠે. કુતુબનગર,
તા. ખાનપુર, જી. મહીસાગર
(ગુજરાત-ઈન્ડીયા)



૪૦ હદીસે પાકની ફઝીલત

મદની તાજદાર, અંબિયાઓના સરદાર, અબ્દ કરાર, મહેબૂબે પરવરદિગાર, નબીઓના સાલાર, દીનો-દુનિયાના મુખ્તાર, હુઝૂર અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનું ફરમાને આલીશાન છે કે, **'બલ્લેગુ અન્ની વલવ કાન આયતન'** (અર્થ : જો તમને મારી એક હદીસ પણ માલૂમ થઈ જાય તો તે હદીસ (ફરમાન સુન્નત) બીજાઓ સુધી પહોંચાડો.) *(બુખારી શરીફ)*

વિશ્વના તમામ લોકો અને ખાસ કરીને મુસલમાનોનું જીવન અલ્લાહ તઆલાના અહેકામો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની તાલીમાત (શિક્ષણ) મુજબ જીવવું જોઈએ. અલ્લાહની કિતાબ કુર્આન શરીફ પરિપૂર્ણ માર્ગદર્શક છે અને હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સુન્નત, ઉસ્વએ હસના તેની અમલી તફસીર છે. માટે આ વિષયના જાણકારની ફરજ બની જાય છે કે પોતાની મઝહબી ફર્ઝ અદા કરે.

ચાલીસ હદીસે પાકની ફઝીલત બાબતે ખુદ અલ્લાહના પ્યારા રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જે ઈર્શાદાત ફરમાન જારી કર્યા છે તેની તરફ ધ્યાન દઈએ. અમારા મોહસીને અમારા માટે કેવી કેવી નેઅમતો અતા કરી છે. ઉમ્મતે મોહમ્મદિયાની એ ખુશનસીબી છે કે તેને એવા નેક અમલ બતાવવામાં આવ્યા કે, જે જોવામાં ઘણા સરળ પણ તેનો અજર અને સવાબ એટલો મોટો રાખ્યો છે કે ઈન્સાન તેની

મહત્વતાને સમજી શકવા અશક્ત છે. આગલી ઉમ્મતોની ઉંમર ઘણી લાંબી હતી, તેથી તેમની પાસે ઈબાદત, બંદગી કરવા માટે સમય ઘણો હતો, જ્યારે આપણી ઝિંદગીઓ ઘણી ટૂંકી છે, પણ અમલ (નેક કાર્યો)ની તાલીમ અમને એવી મળી છે કે થોડો અમલ કરીને હજારો વરસની બંદગી જેટલા સવાબના હકદાર બની શકીએ છીએ. એ જ અમારી ખુશનસીબી છે, જે બીજી કોઈ ઉમ્મતને મળી નથી.

મહેબૂબે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો : **"મન હફેઝા અલા ઉમ્મતી અર્બઈના હદીસન મીન અમ્ર દીનેહા, કોતેબ ફી ઝુમરતીલ ઉલમાએ, વહોશેર ફી ઝુમરતીશ્શોહદાએ, વ કુન્તો લહુ યૌમલ કેયામતે, શાફેઅંવ વ શહીદંવ વકીલ લહુ ઉદખોલ મિન અય્યે અબ્વાબિલ જન્નતે શેઅત."** *(કિતાબુલ અરબઈન)*

અર્થ : મારી ઉમ્મતમાં જે કોઈ શખ્સ દીન સંબંધની ૪૦ હદીસો કંઠસ્થ કરી લેશે, તેને આલિમોની જમાઅતમાં લખી લેવામાં આવશે. તેને શહીદોની સાથે કિયામતમાં ઉઠાવવામાં આવશે. કિયામતમાં હું તેની શફાઅત કરીશ, તેના (ઈમાન-ઈસ્લામ) માટે હું ગવાહી આપીશ અને તેને કહેવામાં આવશે કે જન્નતના જે દરવાજેથી ઈચ્છે તે દરવાજેથી જન્નતમાં દાખલ થઈ જા.

સુબ્હાનલ્લાહ ! અમારા આકાની ઉમ્મત ઉપર કેટલી મોટી મહેરબાની કહેવાય.

હુઝૂર સૈયદુલ મુરસલીન, શફીઉલ મુઝનબીન, રહમતુલ લીલ આલમીન સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, **"મન કતબ અન્ની અર્બઈના હદીસન રજાઅ અંય ચગફેલ્લાહો લહુ ગોફેર લહુ."** *(મુસ્નદ ઈમામ અહમદ)*

અર્થ : જે કોઈ મુસલમાન તેની મગફિરત બખ્શીશ થાય તે ઉમ્મીદથી ૪૦ હદીસો લખશે, તો અલ્લાહ તઆલા તેના તમામ ગુનાહ (સગીરા) માફ કરી દેશે.

હુઝૂર સૈયદે અફલાક, સાહિબે લૌલાક, સાકીએ કૌસર, શાફએ મહેશર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનું ફરમાન છે કે, **"મન તરક અર્બઈન હદીસ બાઅદ મૌતેહી ફહોવ રફીકી ફીલ જન્નતે."**

(જામેઅ સગીર)

અર્થ : જે કોઈ શખ્સ મર્યા પછી પોતાની પાછળ ૪૦ હદીસોને છોડી જશે (લખીને અથવા બીજાને શીખવાડીને) તો તે જન્નતમાં મારો સાથી બનશે.

ઉપરોક્ત ત્રણે હદીસે પાકથી ૪૦ હદીસો લખવાની, તેને યાદ કરવાની, બીજા સુધી પહોંચાડવાની એટલે કે તેને છપાવી પ્રસિદ્ધ કરવાની કેવી મહાન ફઝીલત બયાન થઈ છે, તેનો અજર-સવાબ કેટલો મોટો છે, જે સમજી શકાય છે. પ્યારા દીની ભાઈઓ ! આજે આપના હાથમાં આ નાનકડો હદીસે પાકનો સંગ્રહ મૂકતાં આનંદ જરૂર થાય છે, પણ આપ તેનો ફાયદો ઉઠાવી બીજા દીની ભાઈને તેનો ફાયદો જરૂર જરૂર પહોંચાડશો. કોઈને દીનની વાત બતાવવી-કહેવી કે કોઈ ભલાઈની વાતનો પ્રચાર કરવો એક મહાન નેકી (બંદગી) છે. તે વાત કહેનારને પણ અમલ કરવા જેટલો સવાબ મળે છે.

એક હદીસે પાકમાં મોહસીને કાયનાત, ફખરે મૌજુદાત સલ્લલ્લાહુ તઆલા અલયહિ વસલ્લમે ફરમાવ્યું છે કે, **"ઈન્નદ દાઉ અલલ ખયરે કફાએલેહી."** *(તિરમિઝી શરીફ)*

અર્થ : બેશક, નેકીની તરગીબ દેનારો નેકી કરનારની જેમ છે.

સુબ્હાનલ્લાહ ! અલ્લાહ તઆલા તેના મહેબૂબ બંદાઓના સદકા અને તુફૈલમાં અમો સૌને અમલની તૌફીક અતા કરે, આમીન.





૪૦ હદીસ શરીફ

(૧) કુલ આમન્તુ બિલ્લાહી સુમ્મસ્તકીમ. *(મુસ્લિમ શરીફ)*

અર્થ : તું કેહ, હું ઈમાન લાવ્યો અલ્લાહ પર પછી તેના પર કાયમ રહેવા પર.

(૨) ખિયારૂકુમ મન અલ્લમલ કુર્આન વ તઅલ્લમહુ.

(ઈબ્ને માજા શરીફ)

અર્થ : તમારામાં સૌથી બહેતર (સારો) એ છે, જેણે કુર્આન પઢતા શીખ્યું અને બીજાને શીખવાડ્યું.

(૩) ઈન્નમલ અઅ્માલૂ બિન નિય્યાત. *(બુખારી શરીફ)*

અર્થ : નિ:શંક, આમાલોનો આધાર નિય્યતો પર છે.

(૪) અદ્ દીનુ નસીહતુન. *(મુસ્લિમ શરીફ)*

અર્થ : ઈસ્લામ-દીન એક ખૈરખ્વાહીની નસીહત છે.

(૫) અલ ગિના ગિન નફ્સ. *(દયલમી શરીફ)*

અર્થ : માલદારી દિલની બેનિયાઝી છે.

(૬) અત્તહુરૂ શતરૂલ ઈમાન. *(મુસ્લિમ શરીફ)*

અર્થ : પાકીઝગી (સ્વચ્છતા) ઈમાનનો એક ભાગ છે.

(૭) અસ્સલાતો એમાદુદ્દીન. *(બયહકી શરીફ)*

અર્થ : નમાઝ દીનનો સ્તંભ છે.

(૮) અઝ-ઝકાતુ કન્તરતુલ ઈસ્લામ. *(તિબરાની શરીફ)*

અર્થ : ઝકાત ઈસ્લામનો મહાન પુલ છે.

(૯) અસ્સવમુ જુન્નતુન. *(નિસાઈ શરીફ)*

અર્થ : રોઝો ખુદાના અઝાબને દૂર રાખવા માટે ઢાલ છે.

(૧૦) ઈબદઆ બિમા તઉલા. *(તિબરાની શરીફ)*

અર્થ : નેકી કરવાની શરૂઆત પોતાના ઘરથી કર.

(૧૧) ઈન્નલ હજ્જ યગ્સિલુઝ ઝુનૂબ કમા યગ્સિલુલ માઉદ્-દનસ. *(તિબરાની શરીફ)*

અર્થ : બેશક ! હજ્જ ગુનાહોને એવા ધોઈ નાંખે છે, જેવું પાણી મેલને ધોવે છે.

(૧૨) અલ જન્નતુ તહ-ત ઝિલાલિસ્સુયુફિ. *(મુસ્નદે અહમદ)*

અર્થ : જન્નતની પ્રાપ્તિ તલવારોના છાંયડા નીચે છે.

(૧૩) અર રાશી વલ મુરતશી ફિન્નારી. *(તિબરાની શરીફ)*

અર્થ : રૂશ્વત આપનાર અને રૂશ્વત લેનાર બંને જહન્નમી છે.

(૧૪) મન ગશ્શા ફિલ્લૈસ મિન્ના. *(તિરમિઝી શરીફ)*

અર્થ : જેણે ખોટું કર્યું, તે અમારામાંથી નથી.

(૧૫) અલ મુસ્લિમુ મન સલિસલ મુસ્લિમુના મિન લિસાનિહી વ યદિહી. *(બુખારી શરીફ)*

અર્થ : પરિપૂર્ણ (કામિલ) મુસ્લિમ તે છે, જેની જીભ અને હાથથી મુસલમાન સુરક્ષિત રહે.

(૧૬) ઈરહમુ મન ફિલ અરદિ યરહમુકુમ મન ફિસ્સમાઈ.

(અબૂ દાઉદ શરીફ)

અર્થ : ધરતીવાળા ઉપર રહમ (દયા) કરો, જેથી તમારા ઉપર આસમાનવાળો (અલ્લાહ) રહમ કરે.

(૧૭) લા યદખુલુલ જન્નત કાતિ અરહમ. *(બુખારી શરીફ)*

અર્થ : સગપણને તોડી નાંખનાર જન્નતમાં દાખલ થશે નહીં.

(૧૮) લા યદખુલુલ જન્નતા ખબ્બુન વલા ખબીલુન વલા મન્ના -નુન. *(તિરમિઝી શરીફ)*

અર્થ : ધોકાબાજી કરવાવાળો તથા કંજુસ અને એહસાન જતલાવનારો જન્નતમાં દાખલ થશે નહીં.

(૧૯) કફા બિલ મરઈ કઝીબન અંય યુહદિસા બે-કુલ્લિમા સમિઅ. *(તિરમિઝી શરીફ)*

અર્થ : માણસના જુઠા હોવા માટે તે પુરતું છે કે, જે કાંઈ સાંભળે તેને વગર વિચારે બોલી નાંખે.

(૨૦) મન સત-ર મુસ્લિમન સતરહુલ્લાહુ યવમલ કિયામતિ. *(મુસ્લિમ શરીફ)*

અર્થ : જેણે કોઈ મુસ્લિમના ઐબ છુપાવ્યા અલ્લાહ તઆલા કયામતમાં તેના ઐબ છુપાવશે.

(૨૧) લા યદખુલુલ જન્નતા મન લા યામનુ જારૂહુ વ બાઈકહુ. *(મુસ્લિમ શરીફ)*

અર્થ : જેનો પાડોશી તેની સખ્તી (કનડગત)થી શાંતિથી રહી ન શકતો હોય તેવો માણસ જન્નતમાં જઈ શકશે નહીં.

(૨૨) લયસા મિન્ના મન લય યરહમ સગીરના વ લમ યુઅક્કિર કબીરના. *(તિરમિઝી શરીફ)*

અર્થ : જે અમારા નાના (બાળકો-ભૂલકાંઓ) પર રહમ નથી કરતો અને જે પોતાના મોટાઓ (વડીલો)ને માન નથી આપતો તે અમારામાંથી નથી.

(૨૩) યા બુનય્યા ઈઝ દખલ્ત અબા અહલિકા ફસલ્લિમ તકુન બરકતુન અલયક વ અલા અહલિકા. *(તિરમિઝી શરીફ)*

અર્થ : હે બેટા ! જ્યારે તું પોતાના ઘરમાં દાખલ થાય ત્યારે ઘરવાળાઓને સલામ કર. આ તારા માટે બરકત છે અને તારા ઘરવાળાઓ માટે પણ બરકત છે.

(૨૪) સમ્મિયલ્લાહુ વ કુલ બિયમિનિકા વ કુલ મિમ્મા વલીકા..
(અલ હદીસ)

અર્થ : અલ્લાહ તઆલાનું નામ લઈને જમણા હાથથી ખાવ અને પોતાની સામેનું હોય તે ખાવ.

(૨૫) લા ઈમાન લિમન લા અમાનત લહુ. *(મુસ્નદે ઈમામ અહમદ)*

અર્થ : જે માણસ અમાનત (થાપણ) અદા કરતો નથી, તે પરિપૂર્ણ મુઅમિન નથી.

(૨૬) લા યુમેનુ અબ્દુન હત્તા યોહિબ્બુ લિ અખીહિમા યોહિબ્બુ લિનફસિહી. *(બુખારી શરીફ)*

અર્થ : તમારામાંથી કોઈ બંદો પરિપૂર્ણ ઈમાનવાળો થઈ શકતો નથી, જ્યાં સુધી પોતાના ભાઈ માટે તે જ વસ્તુ પસંદ કરે, જે પોતાના માટે પસંદ કરે છે.

(૨૭) લા દીન લિમન લા અહદ લહુ. *(બુખારી શરીફ)*

અર્થ : જે વાયદો-વચન પુરો ન કરે, તેનામાં દીન હોતો નથી.

(૨૮) મા લા મનીકતસદ. *(મુસ્નદે અહમદ)*

અર્થ : જેણે મધ્યમ માર્ગ અપનાવ્યો, તે તંગદસ્તીથી બચી ગયો.

(૨૯) મિન હુસ્નિલ ઈસ્લામિલ મરઈ તરકમા લા યુઅ્નિહી.
(તિરમિઝી શરીફ)

અર્થ : ફાયદા વગરની વાતને ત્યજી દેવી તે બેહતરીન ઈસ્લામ હોવાની નિશાની છે.

(૩૦) મનદલ્લ અલા ખયરિન ફલહુ મિસ્લુ અજરિ ફાઈલિહી.
(મુસ્લિમ શરીફ)

અર્થ : જે માણસે ભલાઈ માટે માર્ગદર્શન આપ્યું તેના માટે પણ

ભલાઈ કરનાર જેટલો જ સવાબ છે.

(૩૧) મન કા-ન યુઅ્મુને બિલ્લાહિ વલા યૌમિલ આખિરી ફ્લ મુકરિમ દયફ્હુ. *(બુખારી શરીફ)*

અર્થ : જે માણસ અલ્લાહ અને કિયામત પર ઈમાન રાખતો હોય તે પોતાના મહેમાનનો આદર કરે.

(૩૨) અના કાઈદુલ મુસ્લિમીન વલા ફખર વ અના ખાતિમુન નબિય્યીન. *(દારમી શરીફ)*

અર્થ : હું મુસલમાનોનો કાઈદ (આગેવાન નેતા) છું અને આખરી નબી પણ છું, છતાં મને તેનું અભિમાન નથી.

(૩૩) ખૈરુલ કસબિ કસ્બુ યદિલ આમિલિ ઈઝા નસહ.

(મુસ્નદે અહમદ)

અર્થ : ઉત્તમ કમાઈ એ છે, જે પોતાના હાથથી કમાઈ હોય અને દિલી નિખાલસતાથી કામ કર્યું હોય.

(૩૪) અવ્વિદુલ મરી-ઝ વ ઈત્ઈમુલ જાઈઆ વ ફક્કુલ આની.

(મુસ્નદે અહમદ)

અર્થ : બીમારની ખબર પૂછો, ભૂખ્યાઓને જમાડો અને કેદી-ઓને મુક્ત કરાવો.

(૩૫) અદ્ દુઆઉ મુખ્ખુલ ઈબાદત. *(તિરમિઝી શરીફ)*

અર્થ : દુઆ ઈબાદતનું મગજ છે.

(૩૬) મા આમના બી મન બાત જાૂહુ જામિઅન. *(મુસ્નદે ફિરદૌશ)*

અર્થ : એ માણસ મારા પર ઈમાન લાવ્યો નથી, જેનો પાડોશી ભૂખ્યો રાત્રિ પસાર કરતો હોય.

(૩૭) લા યહતકિરૂ ઈલ્લા ખાતી. *(મુસ્લિમ શરીફ)*

અર્થ : અનાજની સંગ્રહખોરી કરનાર ગુનેહગાર છે. જરૂરત-મંદોને વ્યાજબી ભાવથી વેચતો નથી.

(૩૮) રિદલ રબ્બિ ફી રિદલ વાલિદિ સખતહુ ફી સખ્તિલ વાલિદિ.
(અલ હદીસ)

અર્થ : રબ (અલ્લાહ)ની રઝામંદી બાપની રઝામંદીમાં છે. રબ (અલ્લાહ)ની નારાઝગી બાપની નારાઝગીમાં રહેલી છે.

(૩૯) અલ જન્નતુ તહત અકદામિલ ઉમ્મહાતિ. *(બયહકી શરીફ)*

અર્થ : જન્નતની પ્રાપ્તિ માંના ચરણોમાં છે.

(૪૦) ઈન્નમા બુઈસ્તુ લિઉતિમ્મ મકરિમલ અખ્લાક. *(મુસ્લિમ શરીફ)*

અર્થ : હું એટલા માટે જ મોકલવામાં આવ્યો છું કે, ઉત્તમ અખ્લાક (સુસંસ્કાર)ની પૂર્ણતા કરું.

વીણેલા મોતી

- જે અમલ આજે તમારી ઉપર ભારરૂપ જણાય છે, તે આવતી કાલે કિયામતમાં મીઝાન પર ભારરૂપ બનીને ફાયદો પહોંચાડશે.
  -હઝરત ઈબ્રાહીમ અદહમ રહમતુલ્લાહ અલયહ
- ખાલી પેટ શૈતાનનું કેદખાનું છે અને ભરેલુ પેટ તેનો અખાડો છે.
  -હઝરત ખ્વાજા હસન બસરી રહમતુલ્લાહ અલયહ
- હુકૂમત અને ઔરતનો મોહ છોડવો સબ્રથી પણ વધુ કઠીન છે.
  -હઝરત સુફીયાન સૌરી રહમતુલ્લાહ અલયહ
- અમીરોમાં સૌથી બૂરો તે છે, જે આલિમોથી દૂર ભાગે છે અને આલિમોમાં સૌથી બૂરો તે છે, જે અમીરોની બગલમાં બેસે છે.
  -હઝરત અસમઈ રહમતુલ્લાહ અલયહ
- સામાન્ય જનસમૂહની સરખામણીમાં હું એક આલિમની સાક્ષી માન્ય રાખું છું, પરંતુ એક આલિમની સાક્ષી બીજા આલિમની સાક્ષીની વિરૂદ્ધમાં હું માન્ય રાખતો નથી. કારણ કે લગભગ બધા જ આલિમો એકબીજાથી ઈર્ષા કરનારા હોય છે. ઈલ્લા માશાઅલ્લાહ !
  -હઝરત માલિક બિન દીનાર રહમતુલ્લાહ અલયહ

- હસદ (ઈર્ષા)થી બચો, કારણ કે આસ્માનોમાં સૌથી પહેલાં અલ્લાહ તઆલાની નાફરમાની એ હસદના ગુનાહથી જ શરૂ થઈ, એટલે કે આસ્માનના ફરિશ્તાઓના ઉસ્તાદ અઝાઝીલે હઝરત આદમ અલયહિસ્સલામથી હસદ (ઈર્ષા) કર્યો, પરિણામે તે શયતાન થઈ ગયો. તે જ રીતે તે જમીન પરનો પણ તે પહેલો જ ગુનોહ છે. કારણ કે પૃથ્વી પર સૌપ્રથમ હાબીલની કતલ કરવામાં આવી. કાબીલે પોતાના ભાઈ હાબીલને હસદના કારણે જ મારી નાંખ્યો, એટલે પૃથ્વી પરનું પહેલું ખૂન આ રીતે હસદ (ઈર્ષા)ના લીધે જ થયું હતું, માટે દરેકે હસદ કરવાથી બચવું જોઈએ.

-હઝરત વહબ રહમતુલ્લાહ અલયહ

નમાઝ વિશે ૪૦ હદીસો

(૧) રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, તમો પૈકી કોઈના દરવાજા પાસે કોઈ નહેર હોય, જેમાં તે દરરોજ પાંચ વખત નહાતો હોય તો બતાવો કે તેના શરીર પર મેલ, કચરો બાકી રહી શકે ખરો ? સહાબાઓએ અરજ ગુજારી કે, નહીં. તેના શરીર પર મેલ, કચરો રહેશે નહીં. ત્યારે આપે ફરમાવ્યું કે, બસ એ જ હાલ પાંચ વખતની નમાઝોનો છે. અલ્લાહ તઆલા તે નમાઝોના ઝરીયાથી ગુનાહોને ધોઈ નાંખે છે, નષ્ટ કરી દે છે.

(રાવી હઝરત અબૂ હુરૈરહ, હવાલો : બુખારી તથા મુસ્લિમ)

(૨) હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, આ પાંચ નમાઝો છે, જે અલ્લાહપાકે પોતાના બંદાઓ માટે ફર્ઝ કરી છે. જેણે સારી રીતે વુઝૂ કર્યું અને નક્કી કરેલા સમયે તે નમાઝો અદા કરી, રુકૂઅ અને સિજદા બરાબર કર્યા અને તેનું દિલ અલ્લાહ તરફ ઝૂક્યું, તો તેની મગફિરત અલ્લાહે પોતાના માથે લઈ લીધી અને જેણે આવું કર્યું નહીં, તેને માટે અલ્લાહપાકનો આ વાયદો નથી. જો તે ચાહશે તો તેને બખ્શી

દેશે અને ચાહશે તો તેને અઝાબ આપશે.

(રાવી હઝરત કીબાદા બિન સાબિત, હવાલો અબૂ દાવુદ શરીફ)

(૩) રહમતુલ લીલ આલમીન સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, જે શખ્સ પોતાની નમાઝોની યોગ્ય રીતે દેખભાળ કરશે, તો તે તેને માટે કિયામતના દિવસે રોશની અને દલીલ બનશે અને નજાતનું કારણ બનશે. જે શખ્સ પોતાની નમાઝોની દેખભાળ કરશે નહીં, તો એવી નમાઝો તેને માટે રોશની કે દલીલ બનશે નહીં અને નજાતનો ઝરીયો બનશે નહીં.

(રાવી હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર, હવાલો : અહમદ)

(૪) સરવરે કાયનાત સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, જે મુસલમાનની ઝિંદગીમાં નમાઝનો સમય આવી ગયો, પછી તેણે વુઝૂ કર્યું, રૂકૂઅ અને સિજદો ઉત્તમ રીતે કર્યો, તો એવી નમાઝ માટે પાછળ થયેલા ગુનાહોનો કફ્ફારો થશે. ત્યાં સુધી કે કોઈ માટે ગુનોહ કરવામાં ન આવે અને આ કફ્ફારો સદાય થતો રહેશે.*(રાવી હઝરત ઉસ્માન ગની, હવાલો : મુસ્લિમ)*

(૫) સરવરે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, નમાઝને છોડી દેવાનું કૃત્ય બંદા અને કુફ્રની વચ્ચે સંબંધ જોડનારૂં બની જશે.*(રાવી હઝરત જાબિર, હવાલો : મુસ્લિમ)*

બીજી એક હદીસમાં આ રીતે ઈર્શાદ ફરમાવ્યો કે, આપણી અને કાફિરોની વચ્ચે ફર્ક બતાવનારી ચીઝ નમાઝ છે. બેસબબ જેણે નમાઝ છોડી તેણે કુફ્ર કર્યું.

(રાવી હઝરત બુરીદહ, હવાલો : અહેમદ)

(૬) હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે હઝરત અબૂ દરદા રદિયલ્લાહુ અન્હુને વસિય્યત કરતાં ફરમાવ્યું કે, અલ્લાહપાકની સાથે કોઈને ભાગીદાર (શરીક) ના કરીશ, જો તારા ટુકડા પણ કરી નાંખવામાં આવે તો પણ. અને ફર્ઝ નમાઝ કદી પણ ઈરાદાપૂર્વક (જાણી જોઈને) છોડીશ નહીં. સબબ જેણે ફર્ઝ

નમાઝ ઈરાદાપૂર્વક જાણી જોઈને છોડી દીધી, તો તેના ઉપરથી અલ્લાહપાકની જવાબદારી હટી ગઈ અને શરાબ પીતો નહીં, કારણ કે તે દરેક બૂરાઈની ચાવી છે.

(રાવી હઝરત અબૂ દરદા, હવાલો : ઈબ્ને માજા)

(૭) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, તમારી પાસે રાત અને દિવસ અલ્લાહના ફરિશ્તાઓ નંબરવાર આવે છે અને જાય છે. ફજર તથા અસરની નમાઝમાં તે શામેલ થાય છે, પછી તે ફરિશ્તાઓ જે રાત્રે તમારી સાથે રહ્યા હતા, ઉપર ચાલ્યા જાય છે. તેમનો રબ (ખુદા) તેમને પૂછે છે કે (હાલાંકે તે તેના બંદાઓને ફરિશ્તાઓ કરતા સારી રીતે જાણે છે) તમે મારા બંદાઓને કેવી સ્થિતિમાં મળ્યા ? તેઓ જવાબ આપે છે કે અમે તેમને નમાઝ પઢતા છોડીને આવ્યા અને અમે જ્યારે ત્યાં ગયા ત્યારે તે લોકો નમાઝમાં જ લાગેલા હતા.

(રાવી હઝરત અબૂ હુરૈરહ, હવાલો : બુખારી તથા મુસ્લિમ)

(૮) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, જે સવારે ફજરની નમાઝ માટે ચાલ્યો તે ઈમાનના ઝંડાની સાથે ચાલ્યો અને જે સવારમાં બજાર તરફ ચાલ્યો (અને નમાઝ પર ધ્યાન આપ્યું નહીં) તો તે શખ્સ શયતાનના ઝંડાની સાથે ચાલ્યો. *(રાવી હઝરત સલમાન, હવાલો : ઈબ્ને માજા)*

(૯) સરવરે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, એ નમાઝ મુનાફીકની નમાઝ છે, જેમાં તે શખ્સ બેઠો બેઠો સૂરજ નીકળવાનો ઈન્તેઝાર કરે છે, ત્યાં સુધી કે સૂરજમાં પીળાશ આવી જાય છે અને તે શયતાનના બે શીંગડાની વચ્ચોવચ આવી જાય છે, તો ઝટ ઉભો થઈને તે વખતે (મરઘાની માફક) ચાર ઉઠબેઠ કરી લે છે, અને આ ઉઠબેઠમાં થોડીવાર અલ્લાહને યાદ કરી લે છે. *(રાવી હઝરત અનસ, હવાલો : મુસ્લિમ)*

(૧૦) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો

કે, જ્યારે સખ્ત ગરમી પડતી હોય ત્યારે જોહરની નમાઝ ઠંડક થાય ત્યારે પઢો. *(રાવી હઝરત અબૂ હુરૈરહ, હવાલો : બુખારી)*

(૧૧) રહમતે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, જેની અસરની નમાઝ જતી રહી તેનું એટલું બધું નુકસાન થયું, જાણે તેનું ખાનદાન અને માલ (બધું જ) તબાહ થઈ ગયું. *(રાવી હઝરત ઈબ્ને ઉમર, હવાલો : બુખારી, મુસ્લિમ)*

(૧૨) હાદિયે આલમ, શાફેએ મહેશર, સાકીયે કૌસર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, નિઃશંક કિયામતના દિવસે સૌપ્રથમ બંદાના આમાલમાંથી જે વસ્તુનો હિસાબ લેવાશે તે નમાઝ છે. જેની નમાઝ ઠીક નીકળી, તે કામયાબ અને બામુરાદ થયો અને જેની નમાઝ ખરાબ નીકળી, તો નિષ્ફળ ગયો અને નુકસાન ઉઠાવશે. પછી જો તેની ફર્ઝની અદાયગીમાં કમી દેખાશે, તો અલ્લાહ તઆલા ફરમાવશે કે જુઓ ! મારા બંદાની કોઈ નફિલ ઈબાદત હશે તો તે વડે ફર્ઝોની કમીને પૂરી કરી લેવામાં આવશે, પછી ઝકાતનો હિસાબ પણ આ મુજબ થશે. પછી બાકીના આમાલની ચકાસણી પણ એ જ મુજબ છે.

(રાવી હઝરત અબૂ હુરૈરહ, હવાલો : અબૂ દાઉદ)

(૧૩) નૂરે મુજસ્સમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, ત્રણ વસ્તુમાં વાર લગાડો નહીં. પ્રથમ તો નમાઝ કે જ્યારે તેનો સમય થઈ જાય. બીજું જનાઝો જ્યારે તે તૈયાર હોય અથવા લાવવામાં આવે. ત્રીજું અપરણિત સ્ત્રી જ્યારે કે તેની બરાબરીની જોડી મળી જાય (મતલબ કે તેની જોડ મળી જાય તો તેણીનો નિકાહ કરવામાં વિલંબ કરશો નહીં).

(રાવી હઝરત અલી, હવાલો : તિરમિઝી)

(૧૪) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, જે શખ્સ નમાઝને ભૂલી (એટલે ખ્યાલ ન રાખ્યો) તે તેનો કફ્ફારો એ છે કે યાદ આવે એટલે તરત નમાઝ પઢી લે. તે

સિવાય તેનો બીજો કોઈ કફ્ફારો નથી.

(રાવી હઝરત અનસ, હવાલો : બુખારી)

(૧૫) સૈયદુલ મુરસલીન, મદની તાજદાર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, નમાઝમાં બગાસુ આવવું એ શયતાન તરફથી છે. તેથી નમાઝમાં બગાસુ આવે તો બને ત્યાં સુધી મોઢું બંધ રાખો.*(રાવી હઝરત અબૂ હુરૈરહ, હવાલો : તિરમિઝી)*

(૧૬) રસૂલે મોઅઝ્ઝમ, શહેનશાહે દો જહાં સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, તમારામાંથી કોઈએ પોતાની સામે કુજાવાની પાછળવાળી લાકડી જેટલી કોઈ ચીજ મૂકી દીધી (નમાઝ પઢતી વખતે) તો નમાઝ પઢી લે અને સામે મૂકેલી (નાની) લાકડીની પેલી તરફ થઈને કોણ પસાર થયું તેની જરા પણ પરવા કરે નહીં. *(રાવી હઝરત તલ્હા, હવાલો : મુસ્લિમ)*

(૧૭) સરવરે આલમ, હાદીયે બરહક, મોહસીને આઝમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, નમાઝી સામેથી પસાર થનાર કોઈ પણ ચીઝ નમાઝને તોડતી નથી. અલબત્ત (સામેથી પસાર થનારને ગુનોહ થાય છે. તમે એ પસાર થનારને દફા કરો, નમાઝ બાકી રાખીને, જેવી રીતે પણ કરી શકો તેવી રીતે) કારણ કે તે શયતાન છે.

(રાવી હઝરત અબી સઈદ, હવાલો : અબૂ દાઉદ)

(૧૮) હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, તમારામાંથી જો કોઈને એ ઈલ્મ થઈ જાય કે નમાઝ પઢી રહેલા પોતાના ભાઈની આગળથી પસાર થવું કેટલો મહાન ગુનો છે, તો સો વર્ષ સુધી ત્યાં ઉભા રહેવું તે કદમ ઉપાડવાથી બહેતર થાત, જે કદમ નમાઝીની આગળથી પસાર થયો.

(રાવી હઝરત અબૂ હુરૈરહ, હવાલો : ઈબ્ને માજા)

(૧૯) સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, જ્યારે બંદો નમાઝમાં હોય છે અને આમ-તેમ

જોતો નથી, ત્યારે અલ્લાહ તઆલા તેના તરફ બરાબર ધ્યાન (તવજ્જો) ફરમાવે છે. પરંતુ જ્યારે તે આમ-તેમ જોવા માંડે છે, ત્યારે અલ્લાહ તઆલા તવજ્જો હટાવી લે છે.

(રાવી હઝરત અબૂઝર, હવાલો : અહમદ)

(૨૦) રસૂલે ખુદા, રહમતુલ લીલ આલમીન સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, જ્યારે તમો નમાઝમાં ઉભા થાવ ત્યારે ફર્શ પર પડેલી કાંકરીઓને હાથમાં ન લો, કારણ કે તમારી તરફ રહેમત તવજ્જો કરી રહી છે. *(હવાલો ૧૯ મુજબ)*

(૨૧) હઝરત ઉમર બિન ખત્તાબથી રિવાયત છે કે, તેમણે તેમના તમામ ગવર્નરોને હુકમ લખ્યો હતો કે, તમારા બધા કામોમાં સૌથી વધારે અગત્યની ચીઝ મારી નજરમાં નમાઝ છે. જેણે નમાઝની હિફાઝત કરી, તેણે પોતાના દીનની હિફાઝત કરી. જેણે નમાઝને બરબાદ કરી, તેણે તમામ ચીજોને બરબાદ કરી.

(મિશ્કાત શરીફ)

(૨૨) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, (શરઈ કારણ વિના) મુસલમાનોની જમાઅતથી અલગ એકલો નમાઝ પઢનારની નમાઝના મુકાબલામાં જમાઅત સાથેની નમાઝ સત્તાવીસ દરજ્જા વધુ ફઝીલત આપે છે.

(રાવી હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર, હવાલો : બુખારી, મુસ્લિમ)

(૨૩) નબીએ આખરૂઝઝમાં સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, તે માનવીની નમાઝ જે બીજા કોઈ માણસ સાથે પઢવામાં આવી, તે વધુ ઈમાનના ફેલાવા અને તરક્કીનું કારણ બને છે. તેવી નમાઝથી જે વ્યક્તિગત એકલી પઢવામાં આવી, જે નમાઝ તેણે બે માનવીઓ સાથે પઢી. એક માનવી સાથે પઢેલી નમાઝ કરતાં ઈમાનમાં વધારાનું કારણ બને છે. એ રીતે જેમ બને તેમ વધુ સંખ્યામાં ભેગા થઈને લોકો નમાઝ પઢે તે અલ્લાહપાકને વધુ પસંદ છે. *(રાવી હઝરત ઉબય બિન કઅબ, હવાલો : અબૂ દાઉદ)*

(૨૪) રસૂલે મકબુલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, જે કોઈ વસ્તી યા ગામમાં માત્ર ત્રણ મુસલમાન હોય અને જમાઅત કરીને નમાઝ ન પઢતા હોય, તો તેમની પર શયતાન ગલ્બો મેળવી લે છે. તો હે માનવી ! જમાઅતની સાથે નમાઝ પઢવાનું તારી પર લાઝિમ કરી લે, કારણ કે ભેળીયો (વરૂ) માત્ર તે જ બકરીને ખાઈ જાય છે, જે પોતાના ચરવાહાથી દૂર અને પોતાના ટોળાથી અલગ જાય છે.

(રાવી હઝરત અબૂ દરદા, હવાલો : અબૂ દાઉદ)

(૨૫) તાજદારે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, જે શખ્સે ખુદાની તરફ બોલાવનારો અવાજ (એટલે અઝાન) સાંભળ્યો અને તેને કોઈ એવું કારણ પણ નથી કે એ પુકાર પર દોડી જવા માટે રોકતું હોય, તો તેની તે નમાઝ જે તેણે એકલાએ પઢી (કિયામતના દિવસે) તે કબૂલ કરવામાં આવશે નહીં. લોકોએ પૂછ્યું કે, 'કારણ'થી શું મતલબ છે ? કઈ કઈ વસ્તુ કારણરૂપ ગણાશે ? મદની તાજદાર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જવાબ આપ્યો કે, 'ડર' અને 'બીમાર'.

(રાવી હઝરત ઈબ્ને અબ્બાસ, હવાલો : અબૂ દાઉદ)

(૨૬) રહેમતે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, જો ઘરોમાં સ્ત્રીઓ અને બાળકો ના હોત તો હું મસ્જિદમાં ઈશાની નમાઝ જમાઅતની સાથે કાયમ કરી દેત અને નવ-જવાનોને હુકમ આપત કે ઘરોમાં જે પુખ્ત ઉંમરના છે, તેમને આગથી બાળી નાંખો. કારણ કે તે જમાઅત માટે મસ્જિદમાં ગયા નહીં. *(રાવી હઝરત અબૂ હુરૈરહ, હવાલો : અહમદ)*

(૨૭) નૂરે મુજસ્સમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, આગળની સફને પૂરી કરો, પછી તે સફ પૂરી કરો જે આગળની સફની પાસે છે. જે કાંઈ કમી હોય તે આખરી સફમાં હોવી જોઈએ.

(૨૮) રસૂલે મુકર્રમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તાઓ નમાઝની સફોમાં જમણી બાજુ ઉભેલા (નમાઝીઓ) પર રહેમત મોકલે છે.

(રાવી હઝરત આઈશા, હવાલો : અબૂ દાઉદ)

(૨૯) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, નમાઝની સફોમાં તરતીબથી (ક્રમવાર) ઉભા રહો, બેઢંગા તરીકાથી ઉભા ન રહો. નહીં તો તમારા દિલોમાં ફુટ પડી જશે. *(હવાલો : મુસ્લિમ)*

(૩૦) રહેમતે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, જ્યારે નમાઝી ઉભા થઈ જાય ત્યારે નમાઝ મેળવવા માટે દોડો નહીં, પરંતુ જેવી રીતે ચાલો છો તેવી જ રીતે ચાલીને આવો અને શાંતિથી કામ લો. પછી જેટલી નમાઝ (ઈમામ સાથે) મળી જાય તે પઢી લો અને છૂટી જાય તે પૂરી કરી લો.

(રાવી હઝરત અબૂ હુરૈરહ, હવાલો : બુખારી, મુસ્લિમ)

(૩૧) ખાતિમુલ અંબિયા, સૈયદુલ મુર્સલીન સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, ત્રણ શખ્સ કિયામતના દિવસે કસ્તુરી (મુશ્ક)ના પહાડ પર હશે : (૧) તે ગુલામ જેણે અલ્લાહનો હક અને પોતાના શેઠનો હક અદા કર્યો. (૨) તે શખ્સ જે એવી હાલતમાં કોઈ જમાઅતનો ઈમામ બન્યો કે લોકો તેનાથી રાજી હોય. (૩) તે શખ્સ જે દરરોજ પાંચ નમાઝો માટે અઝાન આપે છે. *(રાવી હઝરત ઈબ્ને ઉમર, હવાલો : તિરમિઝી)*

(૩૨) મોહસીને આઝમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, તમારામાંથી કોઈ જ્યારે નમાઝ પઢાવે ત્યારે હલ્કી નમાઝ પઢાવો (એટલે કે લાંબી લાંબી કિરઅત પઢીને લોકોની ઉપર બોજ નાંખે નહીં) કારણ કે હાજરીન લોકોમાં બીમાર, કમજોર અને વૃદ્ધ લોકો પણ હોય શકે છે. અને જ્યારે તું એકલો (વ્યક્તિગત) નમાઝ પઢે ત્યારે જેટલી ઈચ્છે તેટલી લાંબી નમાઝ પઢ.

(રાવી હઝરત અબૂ હુરૈરહ, હવાલો : મુસ્લિમ)

(૩૩) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, જે માણસ ઈમામે માથુ (રુકૂઅ, સિજદામાંથી) ઉઠાવ્યા પહેલાં પોતાનું માથુ ઉઠાવે છે, શું તેને ડર નથી લાગતો કે અલ્લાહ તઆલા તેના માથાને કદાચ ગધેડાનું માથુ બનાવી દે ? *(હવાલો ઉપર મુજબ)*

(૩૪) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, ઈમામ (મુક્તદીઓની નમાઝનો) જામીન છે અને અઝાન આપનાર મોઅઝ્ઝીન અમાનતદાર છે. પછી હુઝૂરે દુઆ ફરમાવી કે, યા અલ્લાહ ! ઈમામોને હિદાયત પર રાખ અને મોઅઝ્ઝીનને બખ્શી દે. *(રાવી હઝરત અબૂ હુરૈરહ, હવાલો : અહમદ)*

(૩૫) હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, જમવાનું સામે આવી જાય ત્યારે કોઈ નમાઝ પઢવી નહીં અને જેને જોરથી પાખાનું યા પેશાબ આવ્યો હોય તેની પણ નમાઝ નથી. એટલે કે તેણે પાખાનું તથા પેશાબથી પ્રથમ ફારેગ થઈને નમાઝ પઢવી જોઈએ. *(રાવી હઝરત આઈશા, હવાલો : મુસ્લિમ)*

(૩૬) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, સાંપ તથા વીંછીને નમાઝ (નમાઝની હાલત)માં પણ કત્લ કરી દો. *(રાવી હઝરત અબૂ હુરૈરહ, હવાલો : મુસ્લિમ)*

(૩૭) રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, જેણે ચાલીસ દિવસ સુધી એવી રીતે નમાઝ પઢી કે તે 'તકબીરે ઉલા' મેળવતો રહ્યો તેને માટે બે પરવાના લખી દેવામાં આવ્યા. એક પરવાનો એ વાતનો કે તે દોઝખી નથી, બીજો પરવાનો એ વાતનો કે તે મુનાફિક નથી.

(રાવી હઝરત અનસ, હવાલો : તિરમિઝી)

(૩૮) મદની સરકાર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, તું નમાઝ માટે કિબ્લા તરફ મોઢું કરીને ઉભો થાય ત્યારે તકબીર પઢ, પછી (સના, તઅવ્વુઝ અને તસ્મીયા પછી) સૂરએ ફાતેહા પઢ અને જે અલ્લાહ ચાહે તે પઢ. એટલે કે બીજી સૂરત

અથવા થોડી આયતો પઢ અને પછી જ્યારે રૂકૂઅ કરે ત્યારે તારી હથેળીઓને ઘુંટણો પર મૂકી દે અને ઘણી જમાવટ સાથે રુકૂઅ કર અને તારી કમરને ફેરવી દે, ન ઢેકો નીકળે અથવા માથાથી ઉંચી પણ દેખાય નહીં તે રીતે કમર રાખ, પછી જ્યારે રૂકૂઅમાંથી માથુ ઉઠાવે ત્યારે તારી કમરને બરાબર સીધી કરી લે (એટલે કે સીધો ઉભો થઈ જા) તે એવી રીતે કે તારા શરીરના હાડકા પોતપોતાના ઠેકાણે આવી જાય, પછી જ્યારે તું સિજદો કરે ત્યારે બન્ને હાથોને સિજદા માટે જમાવી દે. પછી જ્યારે સિજદામાંથી માથુ ઉઠાવે ત્યારે તારી ડાબી રાન પર બેસી જા. પછી આવી જ રીતે દરેક રૂકૂઅ અને દરેક સિજદામાં કરતો રહે. ત્યાં સુધી કે ઈત્મિનાનથી તારા અરકાન અદા થતા રહે.

(રાવી હઝરત સેફાવા, હવાલો : મસાબીહુસુન્નત)

(૩૯) સરવરે કૌનેન સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, લોકોમાં સૌથી બૂરો ચોર તે છે, જે પોતાની નમાઝમાં ચોરી કરે છે. સહાબાઓએ પૂછ્યું કે, યા રસૂલલ્લાહ ! નમાઝમાં ચોરી કેવી રીતે થાય ? આપ સરકારે ફરમાવ્યું : નમાઝના રૂકૂઅ અને સિજદા પૂરા અદા નહીં કરવા તે નમાઝની ચોરી છે. *(રાવી હઝરત કતાદા, હવાલો : અહમદ)*

(૪૦) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, જેણે ઈશાની નમાઝ જમાઅત સાથે પઢી લીધી, તે જાણે અડધી રાત સુધી નમાઝમાં ઉભો રહ્યો અને જેણે સવારની નમાઝ જમાઅત સાથે પઢી લીધી, તે જાણે આખી રાત નમાઝ પઢતો રહ્યો. *(રાવી હઝરત ઉસ્માન, હવાલો : મુસ્લિમ)*



અલ્લાહને પસંદ નથી

(૧) અલ બુખ્લો મિનલ અગનેયાએ.
અર્થ : માલદારોમાં કંજુસાઈ.

(૨) વલ કીબરો મિનલ ફુકરાએ.
અર્થ : ફકીરોમાં અભિમાન અને ઘમંડ.

(૩) વત્તમ્અો મિનલ ઉલ્માએ.
અર્થ : અને આલિમોમાં લાલચ-લોભ.

(૪) વકિલ્લતુલ હયાએ મિન નિસાએ.
અર્થ : સ્ત્રીઓમાં બેશરમી, નિર્લજ્જતા.

(૫) વહુબ્બુદ દુનિયા મિનશ્શોયુખ.
અર્થ : અને વૃદ્ધોમાં દુનિયાની માયા.

(૬) વલ કસ્લો મિનશ્શબાબે.
અર્થ : અને નવજુવાનોમાં આળસ-સુસ્તી.

(૭) વલ જોરો મિનસ્સુલતાને.
અર્થ : અને બાદશાહ-શાસકમાં ઝોર-જુલમ.

(૮) વલ જુબ્નો મિનલ ગુઝ્ઝાતે.
અર્થ : અને યોદ્ધાઓ, સિપાહીઓમાં ડરપોકપણું.

(૯) વલ ઉજલો મિનઝ ઝોહ્હાદે.
અર્થ : અને સૂફી-સંતોમાં આપવડાઈ.

(૧૦) વાર્રિયાઓ મિનલ ઉબ્બાદે.
અર્થ : અને આબિદોમાં આડંબર

અલ્લાહ તઆલાને હરગીઝ પસંદ નથી, પસંદ નથી. આ દસ કુટેવો એટલે બૂરાઈઓ જે અલ્લાહને પસંદ નથી, તેનાથી આપણે દૂર રહેવા માટે સંકલ્પ કરીએ.



અહલે બયતની ફઝીલત

હઝરત ઈમામ જલાલુદ્દીન સોયુતી (રહમતુલ્લાહ અલયહ)એ અહલે બયતની ફઝીલત પર ૬૦ હદીસોનો એક સંગ્રહ તૈયાર કર્યો છે, જેનું નામ **"ઈહ્યાઉલ મવતી બી ફદાઈલી અહલે બયત"** છે. આ અનમોલ સંગ્રહમાંથી અહલે બયત હઝરતના ફઝાઈલ હદીસની રોશનીમાં નિહાળીએ.

(૧) સઈદ બિન મન્સુરે પોતાની સનનમાં હઝરત સઈદ બિન ઝુબેર રદિયલ્લાહુ અન્હુથી બારી તઆલાના ફરમાન **"કુલલા અસ-અલોકુમ અલયહિ અજરન ઈલલ્લ મુવદ્દત ફીલ કુર્બા"**ની તફસીરમાં એ અર્થ રિવાયત કર્યો છે કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તેમનાથી ફરમાવી દો કે, હું તમારાથી ઈસ્લામની તબ્લીગ પર કંઈ મહેનતાણું નથી ઈચ્છતો. હા, એટલું ઈચ્છું છું કે મારા સગા અને મારા અહલે બયતથી મહોબ્બત રાખો.

(૨) ઈબ્ને મન્ઝર, ઈબ્ને અલી હાતીમ અને મરદવિયદએ પોતાની તફસીરોમાં અને તિબરાનીએ મોઅજ્જમ કબીરમાં હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી બારી તઆલાના ઈર્શાદ **"કુલલા અસઅલોકુમ..."** વિશે રિવાયત કરી છે કે, જ્યારે આ આયત નાઝિલ થઈ તો સહાબાઓએ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! આપના તે ક્યા સગા છે, જેમની મહોબ્બત અમો (મુસલમાનો)

પર અલ્લાહ તઆલાએ ફર્ઝ ઠેરવી દીધી છે ? તો હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, તે લોકોમાં હઝરત અલી (રદિયલ્લાહુ અન્હુ), હઝરત બીબી ફાતેમહ (રદિયલ્લાહુ અન્હા), હઝરત ઈમામ હસન (રદિયલ્લાહુ અન્હુ) અને હઝરત ઈમામ હુસૈન (રદિયલ્લાહુ અન્હુ) છે.

(૩) ઈબ્ને અલી હાતીમે હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હુથી બારી તઆલાના ફરમાન અને જે માણસ નેકી કરશે, અમે તેમાં ઓર ખૂબી વધારી દઈશું રિવાયત કરી છે કે, નેકી કરવાનો અર્થ એ આયતમાં એ છે કે, હુઝૂરે પાક સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની આલ અને અહલે બયતથી મહોબ્બત અને દોસ્તી રાખે.

(૪) ઈમામ અહમદ, તિરમિઝી, નિસાઈ અને હાકિમે હઝરત અબ્દુલ મુત્તલીબ બિન રબીઅહ રદિયલ્લાહુ અન્હુથી એક સહીહ હદીસ રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "ખુદાની કસમ ! કોઈ મુસલમાન મર્દના દિલમાં ઈમાન દાખલ ન થશે, જ્યાં સુધી કે હે અહલે બયત ! તમને અલ્લાહના માટે અને મારી સગાઈના વિચારે દોસ્ત ન રાખે."

(૫) મુસ્લિમ, તિરમિઝી અને નિસાઈએ હઝરત ઝૈદ બિન અકરમ રદિયલ્લાહુ અન્હુથી આ હદીસ રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "હે મુસલમાનો ! હું તમને ખુદાનો વાસ્તો આપીને નસીહત કરૂં છું કે, મારા અહલે બયતની સારસંભાળ રાખજો અને તેમની જીવન જરૂરિયાતનો ખ્યાલ રાખજો, તેમની તકલીફોને દૂર કરજો અર્થાત્ ખુદાથી ડરો અને મારા અહલે બયતથી બદસુલૂકી ન કરો."

(૬) તિરમિઝી અને હાકિમે હઝરત ઝૈદ બિન અકરમ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : "હે મુસલમાનો ! હું તમારામાં એવી બે

વસ્તુઓ છોડી જાઉં છું કે, જો તમે લોકો એ વસ્તુઓ સાથે વળગેલ રહ્યા અને તેની હિદાયત અનુસાર અમલ કરતા રહ્યા તો મારા પછી કદી પણ ગુમરાહ નહીં થાવ. તેમાંથી એક છે કુર્‌આને પાક અને બીજી મારી ઔલાદ અર્થાત્ અહલે બયત છે. કુર્‌આને પાક અને અહલે બયતમાં કોઈ પ્રકારનો મતભેદ કે જુદાઈ નહીં હોય. અહીં સુધી કે બન્ને સાથે સાથે મને હૌઝે કૌસર પર મળશે. આથી તમે જુઓ અને વિચાર કરો કે મારા પછી તમોએ કુર્‌આન અને અહલે બયતના હક શી રીતે અદા કર્યા અને એ હક્કો અદા કરવામાં શી શી કોતાહી કરી. આ વાતનો ઉત્તર આપવા માટે હૌઝે કૌસર પર તૈયાર રહો.

(૭) અબ્દ બિન હમીદે પોતાની મસનદમાં હઝરત ઝૈબ બિન સાબીત રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, હું તમારામાં એવી બે વસ્તુઓ છોડી જાઉં છું, અગર લોકો તેને હાથ ધરતા રહે તો હરગીઝ હરગીઝ હક રાહથી ન ભટકશે. એક કુર્‌આને પાક છે અને બીજી મારી ઔલાદ અર્થાત્ અહલે બયત છે. અને એ બન્નેમાં કદી જુદાઈ ન થશે.

(૮) અબૂ અહમદ અને અબૂલ અલાએ હઝરત અબૂ સઈદ ખુદરી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : "નજીકના સમયમાં ખુદાનું તેડું મને પહોંચશે અને હું ચાલ્યો જઈશ અને હું તમારામાં બે વજનદાર વસ્તુઓ છોડી જાઉં છું. તે છે કુર્‌આને પાક અને મારા અહલે બયત. અલ્લાહ લતીફુન ખબીરે મને જાણ કરી છે. એ બન્ને વસ્તુઓ આપસમાં જુદા ન થશે. અહીં સુધી કે હૌઝે કૌસર પર મને મળશે. આથી સમજી-વિચારીને મારા કાયમ મુકામીનો હક એ બન્નેના વિશે અદા કરો."

(૯) તિરમિઝી અને તિબરાનીએ હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ

અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : "અલ્લાહ તઆલાથી મહોબ્બત રાખો, એ પાયા પર કે તે પ્રકાર પ્રકારની નેઅમતો તમને ખવડાવે છે, અને અલ્લાહથી મહોબ્બતના કારણે મારાથી મહોબ્બત રાખો અને મારાથી મહોબ્બતના કારણે મારા અહલે બયતથી પણ મહોબ્બત રાખો."

(૧૦) બુખારી શરીફમાં હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, "હે મુસલમાનો ! હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના એહતેરામ અને અદબના હક્કોને અહલે બયતની ખબરગીરી અને મહોબ્બતમાં અદા કરવાનો ખ્યાલ રાખો."

(૧૧) તિબરાની અને હાકિમે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, હઝરત રસૂલે મકબુલ સલ્લલ્લાહુ તઆલા અલયહિ વસલ્લમે ફરમાવ્યું : "હે અબ્દુલ મુત્તલીબની ઔલાદ ! મેં ખુદાવંદ કરીમથી તમારા માટે ત્રણ વાતોની દુઆ કરી છે કે, અલ્લાહપાક તમારા દિલને મુસીબતો અને તકલીફોમાં સાબિત-મઝબૂત અને સુદઢ રાખે અને તમારા અભણોને ખુદા ઈલ્મ નસીબ કરે અને તમારામાંથી ભટકાયેલા-ઓને હિદાયત નસીબ કરે. તમને સખી, બહાદુર અને રહેમ દિલ બનાવી દે. તો અગર કોઈ માણસ એટલો ઈબાદતગુજાર થઈ જાય કે પ્રતિ પળે કાબાના હરમમાં વળગેલો રહે. રૂકને યમાની અને મકામે ઈબ્રાહીમમાં રોઝા રાખે અને નમાઝ પઢ્યા પછી એવી હાલતમાં મરણ પામે કે અહલે બયતથી દ્વેષ અને અદાવત રાખતો હોય તો તે દોઝખી (જહન્નમી) છે."

(૧૨) તિબરાનીએ હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલે મકબૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "બની હાશીમ અને અન્સારથી અદાવત (ઈર્ષા) રાખવી કુફ્ર છે, અને અરબથી અદાવત રાખવી નિફાક છે.

(૧૩) કામિલ બિન અદીમાં હઝરત અબી સઈદ ખુદરી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "જે મારા અહલે બયતથી દ્વેષ (અદાવત) રાખે તે મુનાફીક છે."

(૧૪) ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં અને હાકિમે હઝરત અબૂ સઈદ ખુદરી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "તે પાક ઝાતની કસમ જેના હાથમાં મારી જાન છે, જેણે મારા અહલે બયતથી દ્વેષ (અદાવત) રાખ્યો, ખુદા તેને દોઝખમાં નાંખશે."

(૧૫) તિબરાનીમાં હસન બિન અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, તેમણે મુઆવિયાહ બિન ખુદૈજથી ફરમાવ્યું કે, "હે મુઆવિયાહ બિન ખુદૈજ ! તમો નબૂવ્વતના અહલે બયતથી દ્વેષ અને દુશ્મની રાખવાથી બચતા રહો. એ માટે કે જનાબ રસૂલે મકબૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું છે કે, જેણે મારા અહલે બયતથી દ્વેષ, કીનો, હસદ અને દુશ્મની રાખી તેને કિયામતના દિવસે કૌસરની હોઝ પર આગના કોરડા મારી મારીને ખસેડવામાં આવશે."

(૧૬) કામિલ બિન અદી અને બયહકીની શોઅબુલ ઈમાનમાં હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "જે માણસ મારી ઔલાદ અર્થાત્ અહલે બયત અને અન્સારના હક્કો ન પીછાણે અને તેમના હક્કો અદા ન કરે, તો તેમાં ત્રણ વાતોમાંથી કોઈ એક વાત જરૂર હશે : (૧) યા તો તે મુનાફિક હશે, (૨) યા તો તે વ્યભિચારીની ઔલાદ હશે, (૩) યા તો તે હૈઝની નાપાકીની હાલતમાં તેની માંના પેટમાં રહ્યો હશે."

(૧૭) તિબરાનીમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહુ અન્હુ રિવાયત કરે છે કે, અંતિમ વાત અને અંતિમ વસિય્યત હુઝૂર

સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની એ હતી કે હું હવે દુનિયાથી રહેલત કરૂં છું, મારા અહલે બયતની સારસંભાળ, તેમની જીવન જરૂરિયાત અને હાજતોની ચિંતા અને તદબીરમાં હે મુસલમાનો તમે મારા નાયબ અને કાયમ મુકામ બની જાવ, તેની ચિંતા જેવી હું રાખતો હતો તેવી જ ચિંતા હવે તમે રાખો."

(૧૮) તિબરાનીની અવસ્તમાં હઝરત હસન બિન અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "અમો અહલે બયતની જરૂરી અને લાજમી મહોબ્બત રાખો, એ માટે કે એવી હાલતમાં અલ્લાહથી મળશે કે અમારાથી મહોબ્બત રાખતો હશે તો અલ્લાહ તેને અમારી શફાઅતથી જન્નતમાં દાખલ કરશે. ખુદાપાકની કસમ ! કોઈ બંદાને તેનો નેક અમલ કાંઈ પણ લાભ નહીં આપે, જ્યાં સુધી કે તે અમારા હક્કોને ન પીછાણીને તે અદા ન કરે."

(૧૯) તિબરાનીની અવસ્તમાં જાબિર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે, તેમણે કહ્યું : મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી ખુત્બામાં સાંભળ્યું છે કે, આપ ફરમાવતા હતા : "હે લોકો ! જે માણસ અમો નબૂવ્વતના અહલે બયત અર્થાત્ સૈયદોની દ્વેશ રાખે અને અદાવત રાખશે, કયામતના દિવસે ખુદા તઆલા તેને યહૂદી બનાવીને ઉઠાવશે."

(૨૦) તિબરાનીની અવસ્તમાં હઝરત અબ્દુલ્લાહ બિન જાફર રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ફરમાવતા હતા કે, "હે બની હાશીમની જમાઅત ! મેં તમારા માટે રબ્બુલ ઈઝઝતની બારગાહમાં દરખ્વાસ્ત કરી છે કે, ખુદા તમને વીર, બહાદુર અને રહેમદિલ બનાવી દે અને હું પણ એમ ઈચ્છું છું કે, ખુદા તમારા માર્ગ-વિહોણા અને ભટકેલાઓને હિદાયત અને સન્માર્ગ નસીબ ફરમાવે. તમારા ભયભીતને નિર્ભય અને નિડર બનાવી દે અને

તમારા ભૂખ્યાને તૃપ્ત કરી દે. મુસલમાન કામિલ મુસલમાન નથી થઈ શકતો, જ્યાં સુધી કે મારી મહોબ્બતના ખાતર તમારાથી મહોબ્બત રાખે. હે મોહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ની ઉમ્મત ! અબ્દુલ મુત્તલીબની ઔલાદ જન્નતમાં મારી શફાઅતથી જવા માટે ઉમ્મીદવાર થવા પૂર્વે જ તમે લોકો મારી શફાઅતથી જન્નતમાં જવાના ઉમેદવાર થઈ ગયા, જો કે તે તમારાથી વધુ મારી શફાઅતના ઉમેદવારીના હકદાર છે."

(૨૧) ઈબ્ને અબી શયબહ અને મુસદ્દે પોતાની મસનદોમાં અને હકીમ તિરમિઝીએ નવાદી રૂલ ઉસુલમાં અને અબુલ અબામાં અને તિબરાનીએ સલ્મહ બિન અકુમ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "સિતારા રખેવાળ અને પનાહ આસ્માનવાળાઓના માટે અને મારા અહલે બયત મારી ઉમ્મતના પનાહ અને રક્ષક છે. અર્થાત્ જ્યારે તારા નષ્ટ થઈ જશે, તો આસ્માન ફાટી જવાનો અને ખરાબ થવાનો વાયદો છે. તે સમય આવી પહોંચશે અને જ્યારે મારા અહલે બયતને દુનિયાથી ઉપાડી લેવામાં આવશે, તો મારી ઉમ્મતમાં જાતજાતના ફિત્ના-ફસાદ પૈદા થવાનો સમય આવી પહોંચશે."

(૨૨) બઝાઝે અબૂ હુરૈરહ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "હું તમારામાં બે વસ્તુઓ છોડી જાઉં છું, એ બન્નેની હિદાયતો અને ઈર્શાદો અનુસાર તમો અમલ કરતા રહો તો મારા પછી તમો સન્માર્ગથી ન ભટકશો. કુર્આન મજીદ અને મારા સગા (અહલે બયત) બન્નેમાં કદી મતભેદ અને જુદાઈ ન થશે. અહીં સુધી કે એ બન્ને મારાથી સાથ-સાથ કૌસરની હૌઝ પર મુલાકાત કરશે."

(૨૩) બઝાઝે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, હુઝૂર રસૂલે મકબુલ સલ્લલ્લાહુ અલયહિ

વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, "મારા અહલે બયતની મિસાલ હઝરત નૂહ અલયહિસ્સલામની નૌકા સમાન છે કે, જે તેમાં સવાર થઈ ગયો તે બચી ગયો અને જેણે તેને ત્યજી દીધી તે ડૂબી ગયો. એ જ પ્રમાણે જે આલે રસૂલના પાલવથી વળગેલો રહ્યો, તે મુક્તિ પામશે અને જેણે તે પાલવ (દામન)ને છોડી દીધો, તે તબાહ (બરબાદ) થઈ ગયો."

(૨૪) બઝાઝે અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "મારા અહલે બયતની મિસાલ નૂહ અલયહિસ્સલામની નૌકા સમાન છે. જે તેમાં સવાર થઈ ગયો તેણે મુક્તિ મેળવી અને જે તેનાથી અલગ થયો તે ડૂબી ગયો."

(૨૫) બઝાઝે હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, "મારી વફાત થઈ જશે અને હું તમારામાં બે વિશ્વાસપાત્ર અને વજનદાર વસ્તુઓ છોડતો જાઉં છું, અલ્લાહની કિતાબ અને મારા અહલે બયત. એ બન્નેની હિદાયતો પર અમલ કરતા રહો તો કદી તમો હક રાહથી નહીં ભટકો."

(૨૬) તિબરાનીએ હઝરત અબૂઝર રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, મેં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને એ ફરમાવતા સાંભળ્યા છે કે, "મારા અહલે બયતની મિસાલ તમો લોકોમાં હઝરત નૂહ અલયહિસ્સલામની નૌકા અને બની ઈસરાઈલના હુત્તતાહ દરવાજા જેવી છે. હઝરત નૂહ અલયહિસ્સલામની કૌમમાંથી જે નૌકા (હોડી) પર સવાર થઈ ગયા અને બની ઈસરાઈલમાંથી જે તૌબાહ (હુત્તાહ)ના દરવાજામાં તૌબાહ તૌબાહ કરતા દાખલ થઈ ગયા તેમની મુક્તિ થઈ ગઈ અને મગફિરત થઈ ગઈ અને જેઓ નૌકા પર સવાર ન થયા અને તૌબાહના દરવાજામાં દાખલ ન થયા, બલ્કે તેની મજાક કરી,

શરારત કરી, બદમાશી કરી તેઓ તબાહ થયા અને પ્લેગના અઝાબથી બરબાદ થયા."

(૨૭) તિબરાનીમાં હઝરત અબૂ સઈદ ખુદરી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહેતા સાંભળ્યા છે : "મારા અહલે બયતની મિસાલ હઝરત નૂહ અલયહિસ્સલામની નૌકા જેવી છે કે, જે તેમાં સવાર થઈ ગયો તેની મુક્તિ (નજાત) થઈ ગઈ અને જે સવાર ન થયો, તે ડૂબી ગયો. અને મારા અહલે બયતની મિસાલ તમો લોકોમાં બની ઈસરાઈલના તૌબાહના દરવાજા જેવી છે, જે તેમાં તૌબાહ તૌબાહ કરતો દાખલ થઈ ગયો તે બખ્શાઈ ગયો."

(૨૮) હઝરત ઈમામ બુખારી રહમતુલ્લાહ અલયહે હઝરત હસન બિન અલી રદિયલ્લાહુ અન્હુથી પોતાની તારીખમાં રિવાયત બયાન કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "દરેક વસ્તુના માટે પાયો અને જડ હોય છે અને ઈસ્લામનો પાયો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના અસ્હાબ અને અહલે બયત છે."

(૨૯) તિબરાનીએ હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "દરેક ઔરતની ઔલાદનો વલી અને અસ્હબ તેનો બાપ અને બાપના પુરૂષ સગા હોય છે. સિવાય હઝરત ફાતેમા રદિયલ્લાહુ અન્હાની અવલાદના કે હું તેમના અસ્હબ છું અને તેમનો બાપ છું. મતલબ એ છે કે, દરેક ઔરતની ઔલાદની નિસ્બત તેના પતિના પ્રતિ કરવામાં આવે છે, પરંતુ હઝરત ફાતેમા રદિયલ્લાહુ અન્હાની ઔલાદની નિસ્બત મારા પ્રતિ છે. જાણે કે હું તેમનો બાપ છું અને તે મારી ઔલાદ છે. આ ખુસુસીયત, બુઝુર્ગી અને શરાફતના કારણે છે."

(૩૦) તિબરાનીએ હઝરત ફાતેમા રદિયલ્લાહુ અન્હાથી રિવાયત કરી

છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "દરેક માંની ઔલાદ પોતાના બાપના સગાના પ્રતિ નિસ્બત કરવામાં આવે છે. અર્થાત્ બાપ, દાદા, પરદાદાના પ્રતિ. સિવાય હઝરત ફાતેમા રદિયલ્લાહુ અન્હાની ઔલાદ કે હું તેમનો વલી અને અસ્હબ છું. આથી મારા પ્રતિ નિસ્બત થશે."

(૩૧) હાકિમે હઝરત જાબિર રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "દરેક માંની ઔલાદના માટે વલી અને અસ્હબ હોય છે, જેમના પ્રતિ એ ઔલાદની નિસ્બત કરવામાં આવે છે. સિવાય હઝરત ફાતેમા રદિયલ્લાહુ અન્હાના બન્ને પુત્ર ઈમામ હસન રદિયલ્લાહુ અન્હુ અને ઈમામ હુસૈન રદિયલ્લાહુ અન્હુના, કે તેમનો વલી અને અસ્હબ હું છું."

(૩૨) તિબરાનીની અવસ્તમાં હઝરત જાબિર રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, તેમણે હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હુને જે સમયે તેમના નિકાહ હઝરત કુલસુમ બિન્તે અલીથી થયા, એ ફરમાવતા સાંભળ્યા કે, "હે લોકો ! તમો મને મુબારકબાદ નથી આપતા, મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને એ ફરમાવતા સાંભળ્યા કે, કયામતના દિવસે દરેક પ્રકારની સગાઈ-સંબંધ, નસબ સર્વ તૂટી જશે, પરંતુ મારી સગાઈ બાકી રહેશે અને મારા નસબનો સિલસિલો તૂટશે નહીં."

(૩૩) તિબરાનીએ હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "દરેક પ્રકારના સંબંધ અને સગાઈ કયામતના દિવસે તૂટીને મૌકૂફ થઈ જશે, પરંતુ મારી સગાઈ અને સંબંધ બાકી રહેશે."

(૩૪) ઈબ્ને અસાકીરે પોતાની તારીખમાં અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "દરેક પ્રકારના નસબી અને સાસરાની સગાઈ કયામતના દિવસે કપાઈ જશે, સિવાય મારી સગાઈ અને સાસરાના સંબંધ કે જે બાકી રહેશે."

(૩૫) હાકિમ ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "આસમાન (આકાશ)ના તારા જમીનવાળાઓ માટે દરિયાઈ સફરમાં ડૂબવાથી બચવામાં પનાહનું કારણ અને અમનનું પ્રયોજન છે. મારા અહલે બયત મારી ઉમ્મતના મતભેદ અને ફૂટફાટ પડવાથી બચાવવામાં અમનનું કારણ છે. જ્યારે મારા અહલે બયતથી કોઈ વર્ગ મતભેદ કરીને અલગ થઈ જશે, તો તે વર્ગ શયતાની વર્ગ સમજવામાં આવશે."

(૩૬) હાકિમે હઝરત અનસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "ખુદાવંદ કરીમે મારાથી વાયદો ફરમાવ્યો છે કે, મારા અહલે બયતમાંથી જે લોકો ખુદાની તૌહીદ અને મારી રિસાલત તેમજ મારી તબ્લીગનો ઈકરાર (સ્વિકાર) કરતા હશે, તેમને ખુદા અઝાબ નહીં આપે."

(૩૭) ઈબ્ને જરીરે પોતાની તફસીરમાં બારી તઆલાના ફરમાન **'વલ સવફ યુતીક રબ્બુક ફતર્દા'**ની તફસીરમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી એ અર્થ બયાન કર્યો છે કે, ટૂંકમાં અલ્લાહ તઆલા આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આખિરતમાં એટલી બધી નેઅમતો આપશે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ખુશ અને રાઝી થઈ જશે અને હુઝૂરે પાક સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની રઝામંદી તેમાં હશે કે આપના અહલે બયતમાંથી એક પણ માણસ દોઝખમાં નહીં જાય.

(૩૮) બઝાઝ, અબૂ યઅલા, અકીલી, તિબરાની અને ઈબ્ને શાહીને હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત

કરી છે કે, રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "ફાતેમા રદિયલ્લાહુ અન્હાએ પોતાની ઈજ્જત, આબરૂ અને પ્રતિષ્ઠાને જાળવી અને નઠારી વાતોથી સુરક્ષિત રાખી, આથી ખુદાવંદ તઆલાએ હઝરત સૈયદાહ રદિયલ્લાહુ અન્હાની ઝુરીય્યત અને અવલાદ પર દોઝખની આગ હરામ કરી દીધી."

(૩૯) તિબરાનીએ ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે હઝરત બીબી ફાતેમા રદિયલ્લાહુ અન્હાથી ફરમાવ્યું કે, "હે ફાતેમા ! ખુદા તમને અને તમારા બન્ને પુત્રોને અઝાબ નહીં આપે."

(૪૦) હઝરત જાબિર રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "હે લોકો ! હું તમારામાં એવી વસ્તુ છોડી જાઉં છું કે, અગર તમો તેને પકડી રાખશો, તો હરગીઝ સન્માર્ગથી ન ભટકશો. તે કુરૂઆને પાક અને મારા અહલે બયત છે."

(૪૧) ખતીબે પોતાની તારીખમાં હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "મારી શફાઅત મારી ઉમ્મતના માટે છે, અને ખાસ કરીને તે માણસ માટે છે, જે મારા અહલે બયતને દોસ્ત રાખતો હોય."

(૪૨) તિબરાનીએ અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહુ અન્હુએ રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "મારી ઉમ્મતમાં સૌથી પહેલાં શફાઅત મારા અહલે બયત માટે કરીશ."

(૪૩) તિબરાનીએ મુત્તલીબ બિન અબ્દુલ્લાહ બિન હન્તબએ તેમણે પોતાના પિતાથી રિવાયત કરી છે કે, અમને જનાબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જુદફહ મકામે ખુત્બામાં ફરમાવ્યું કે, "શું હું તમારા પર તમારી જાનોથી વધુ હકદાર નથી ?"

સહાબાઓએ અર્ઝ કરી : હા, કેમ નહીં યા રસૂલલ્લાહ ! આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : "તો કયામતમાં કુર્આન મજીદ અને પોતાની ઔલાદ અને મારા અહલે બયત વિશે તમારાથી હું પૂછીશ કે તમે તેમની સાથે કેવું વર્તન કર્યું અને તેમના હક્કો કેવી રીતે અદા કર્યા."

(૪૪) તિબરાનીએ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, જનાબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : "હશ્રના મેદાનમાં કોઈ બંદાના કદમ ખસસે નહીં, ત્યાં સુધી કે તેનાથી પૂછી લેવામાં આવશે કે તેણે પોતાની કિંમતી ઝિંદગી ક્યા ક્યા કામોમાં પસાર કરી, પોતાના શરીરનો ઉપયોગ કેવા કેવા કામોમાં કર્યો, પૈસા ક્યાંથી કમાયો અને ક્યાં ખર્ચ કર્યો અને અહલે બયતથી દોસ્તી અને મહોબ્બત રાખતો હતો કે નહીં."

(૪૫) દયલમીએ હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી સાંભળ્યું છે કે, આપ ફરમાવતા હતા : "જે લોકો કૌસરની હોઝ પર પહેલા આવશે, તે મારા અહલે બયત હશે."

(૪૬) દયલમીએ હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "તમારી ઔલાદને ઉમદા આદતોમાંથી ત્રણ આદતો અને ત્રણ આદાબની તાલીમ આપ્યા કરો. આપણા નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મહોબ્બત, અહલે બયતની મહોબ્બત અને કુર્આન શરીફ પઢવાના આદાબ શીખવ્યા કરો. એ માટે કે કુર્આનના જાણકાર અને હાફિઝો ખુદાની છાયા (રહેમત)માં અમન અને ચમનથી ખુદાના પ્રિય બંદાઓ અને પયગમ્બરોની સાથે હશે, એવા દિવસે કે તે દિવસે કોઈ છાયા ખુદાવંદ કરીમની છાયા સિવાય નહીં હોય."

(૪૭) દયલમીએ હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "તમારામાંથી સૌથી વધુ પુલસીરાત પર સાબિત કદમ રહેનારો તે માણસ હશે, જે મારા અહલે બયત અને મારા અસહાબની મહોબ્બતમાં વધુ મજબૂત, સબળ, સન્ન હશે."

(૪૮) દયલમીએ હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "ચાર માણસો એવા છે કે કયામતના દિવસે ખાસ સ્વરૂપે તેમની શફાઅત કરીશ : (૧) તે માણસ જે મારી ઔલાદની તાઝીમ અને તકરીમ કરી હોય. (૨) જે તેમની હાજતો પૂરી કરનાર હોય. (૩) જે તેમના કામોમાં મહેનત અને કોશિષ કરતો હોય, એવા સમયે કે લોકો પરેશાન હોય અને લાચાર થઈને પોતાની હાજતો તેમની પાસે લઈ જાય. (૪) જે તેમને દિલ અને જીભથી મહોબ્બત રાખતો હોય."

(૪૯) દયલમીએ અબૂ સઈદ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "અલ્લાહનો ગઝબ તે ઝાલિમ પર ઘણો સન્ન હશે, જેણે મારી અવલાદ અને અહલે બયતના વિશે મને સતાવ્યો અને દુઃખ આપ્યું યા જે સતાવશે યા દુઃખ આપશે."

(૫૦) દયલમીએ હઝરત અબૂ હુરૈરહ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "અલ્લાહને થોડાક માણસો ઘણા નાપસંદ છે : (૧) ખૂબ ખાનાર (૨) ઈબાદતથી ગાફેલ રહેનાર (૩) સુન્નતે રસૂલ છોડનાર (૪) અલ્લાહનો કરાર અને જવાબદારી તોડનાર (૫) અહલે બયત અને નબીની ઔલાદથી દ્વેષ-અદાવત અને કીનો રાખનાર (૬) પાડોશીને રંજાડનાર."

(૫૧) દયલમીએ હઝરત અબૂ સઈદ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત

કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "મારા અહલે બયત મારૂં પેટ અને પોટલી છે. અર્થાત્ મારા રહસ્યોને જાણનારા વિશ્વાસપાત્ર અને જાણભેદુ છે. આથી તે નેકબન્દોથી નેક કામ અને સરસ વાતોનો સ્વિકાર કરો. તેમનામાં જે ગુનેહગાર હોય અને બદકાર હોય તેમનાથી દર-ગુજર કરો અને તેમના કસૂરને માફ કરો."

(૫૨) અબૂ નઈમે હઝરત ઉસ્માન રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "જે માણસે ઔલાદે અબ્દુલ મુત્તલીબ બની હાશિમ અર્થાત્ મારા અહલે બયતથી કોઈ નેક સુલુક અને અહેસાન કર્યો, પછી તે અહલે બયત તેનો બદલો ના આપી શક્યો, તો કયામતના દિવસે તે સૈયદ તરફથી હું પૂરો બદલો અદા કરીશ."

(૫૩) ખતીબે હઝરત ઉસ્માન રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : "જે માણસ ઔલાદ અબ્દુલ મુત્તલીબમાંથી કોઈની સાથે દુનિયામાં નેકી અને સારો સુલુક કરે તો મારા ઝિમ્મે તેનો બદલો છે, જ્યારે તે મારાથી મળશે અર્થાત્ કયામતમાં, અહેસાન કરનારને હું પૂરો બદલો આપીશ."

(૫૪) ઈબ્ને અસાકીરે હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "જે માણસ મારા અહલે બયતમાંથી કોઈની સાથે અહેસાન અને સુલુક કરે, તો હું કયામતમાં તેને પૂરો બદલો આપીશ."

(૫૫) મારવદીએ ઈબ્ને સઈદ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : "હું તમારામાં એવી વસ્તુ છોડી જાઉં છું કે, જો તમો જાળવી રાખશો તો કદી પણ નહીં ભટકશો. તે વસ્તુ કુર્આન મજીદ છે, જેનો એક છેડો અલ્લાહપાકના હાથમાં છે અને બીજો છેડો તમારા

હાથમાં છે. અને બીજી વસ્તુ મારી ઔલાદ અને અહલે બયત છે. કુર્‌આન અને અહલે બયતમાં હિદાયત અને માર્ગદર્શનની દૃષ્ટિએ કદી જુદાઈ અને ભેદભાવ નહીં થાય. અહીં સુધી કે એ બન્ને કૌસરની હોઝ પાસે મારી નજીક હશે."

(૫૬) ઈમામ અહમદ અને તિબરાનીએ હઝરત ઝૈદ બિન સાબીત રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, જનાબે રસૂલે મકબુલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "હું મારા પછી તમારામાં બે ખલીફા છોડી જાઉં છું. એક કુર્‌આને પાક છે, જેના નૂરની રસ્સી આસ્માનથી જમીન સુધી ખેંચાયેલી છે. બીજા મારા અહલે બયત અને ઔલાદ છે. એ બન્ને ખલીફાઓમાં કદી ભેદભાવ અને જુદાઈ નહીં હોય ત્યાં સુધી કે એ બન્ને મને હોઝે કૌસર પર મળશે."

(૫૭) તિરમિઝી, હાકિમ અને બયહકીએ હઝરત આયશા રદિયલ્લાહુ અન્હાથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "છ માણસો એવા છે, જેમના ઉપર ખુદાએ, મેં અને દરેક મકબુલ નબીએ લાનત કરી છે : (૧) કુર્‌આનમાં પોતાના તરફથી કોઈ શબ્દમાં વધારો કરી દેનાર અથવા ઈબારતમાં વધારો કરનાર યા તફસીર વિરૂદ્ધ યા લુગત વિરૂદ્ધ યા આયતો વિરૂદ્ધ કરનાર. (૨) તકદીર-કિસ્મતને જૂઠ સમજનાર. (૩) બળજબરીથી ઈજ્જત મેળવી, હુકૂમત હાસિલ કરીને ખાનદાન-ઈઝઝત આબરૂવાળાને ઝલીલ કરનાર અને નીચ-હલકાઓને માન આપનાર. (૪) હરામને હલાલ કરનાર. (૫) મારા અહલે બયતના ખૂન અને આબરૂને હલાલ કરનાર. (૬) મારી સુન્નતોને છોડનાર."

(૫૮) દાર કતનીએ હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "છ માણસો એવા છે, જેના પર અલ્લાહે, મને અને દરેક

મકબુલ નબીએ લાનત કરી છે : (૧) કુરૂઆને પાકમાં પોતાના તરફથી કોઈ શબ્દ ઉમેરનારા. (૨) તકદીરને જૂઠલાવનારા. (૩) સુન્નતો છોડી બિદઅતો કરનારો. (૪) મારા અહલે બયતની ખૂનરેઝી અને માનહાની કરનારા. (૫) બળજબરીથી હુકૂમતો મેળવનારા. (૬) મુસલમાન થઈ મદીનાથી હિજરત કરી મુર્તદ થઈ જઈને દારૂલ કુફ્રમાં રહેનારા."

(૫૯) હાકિમ અને દયલમીએ હઝરત અબૂ સઈદ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "ત્રણ વસ્તુઓ એવી છે, જે માણસ તેની રક્ષા કરશે, તો અલ્લાહ તઆલા તેની દુનિયા અને દીન બન્નેની રક્ષા કરશ, અને જે માણસ એ વાતને નષ્ટ કરશે, તો અલ્લાહ તઆલા તેના કોઈ કામની રક્ષા નહીં કરે. તે ત્રણ કામ આ પ્રમાણે છે : (૧) ઈસ્લામની આબરૂ. (૨) મારી આબરૂ અને (૩) મારા અહલે બયતની આબરૂ."

(૬૦) દયલમીએ હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, "લોકોમાં સૌથી સરસ અરબ છે, અરબમાં સૌથી સરસ કબીલો કુરૈશ છે અને કુરૈશમાં સૌથી સરસ કુટુંબ બની હાશીમ (અહલે બયત)નું છે."





અહલે બયતની શાનમાં ૪૦ હદીસો

(૧) હઝરત હસન બિન અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલે પાક સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : અમારાથી અહલે બયતથી જરૂરી અને એકદમ જરૂરી મહોબ્બત રાખો. એટલા માટે કે જે આવી હાલતમાં ખુદાથી મળશે કે અમારી મહોબ્બત રાખતો હતો, તો અલ્લાહ તઆલા તેને અમારી શફાઅતથી જન્નતમાં દાખલ કરશે. કસમ ખુદાની ! કોઈ નેક બહાને તેનો નેક અમલ કોઈ પણ ફાયદો નહીં પહોંચાડે, જ્યાં સુધી કે તે અમારા હકને ન ઓળખે અને ઓળખીને બજાવી ન લાવે. *(તિબરાનીની અવસત)*

(૨) ઈતિહાસકાર ખતાબે હઝરત અલી રદિયલ્લાહુ અન્હુ રિવાયત કરેલ છે કે, રસૂલે પાક સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ફરમાવે છે કે, મારી શફાઅત મારી ઉમ્મત માટે છે અને ખાસ કરીને તે શખ્સ માટે છે કે જે મારા અહલે બયતને દોસ્ત રાખતો હોય.

(૩) હઝરત અબ્બાસ બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુ રિવાયત કરે છે કે, રસૂલે મકબૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે, મેદાને મહેશર (કયામતના મેદાન)માં કોઈ પણ બંદાના કદમ તેની જગ્યાએથી નહીં હટે, જ્યાં સુધી તેને પૂછી લેવામાં નહીં આવે કે તેણે પોતાની કિંમતી ઝિંદગી કેવા કામોમાં ગુજારી અને પોતાના શરીરનો કેવા કેવા કામોમાં ઉપયોગ કર્યો,

માલ કેવી રીતે કમાયો અને ક્યાં ક્યાં ખર્ચ કર્યો અને અહલે બયતથી દોસ્તી અને મહોબ્બત રાખતો હતો કે નહીં ? *(તિબરાની)*

(૪) હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, તમારામાંથી પુલ-સિરાત ઉપર સૌથી વધુ સાબિતકદમ રહેવાવાળા તે લોકો હશે, જે મારા અહલે બયત અને સહાબીઓની મહોબ્બતમાં સૌથી વધારે મજબૂત અને બેહદ ચાહવાવાળો હશે. *(દયલમી)*

(૫) હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલે બરહક સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, મારા ચાર શખ્સો એવા છે કે જેમની કયામતના દિવસે હું ખાસ તૌરથી શફાઅત કરીશ : (૧) તે શખ્સ કે જેણે મારી દૌલતની તાજીમ, અદબ અને માન જાળવેલ હોય. (૨) તે શખ્સ કે જેણે મારી ઔલાદની જરૂરીયાતો પૂરી કરી હોય. (૩) તે શખ્સ કે જેણે મારી ઔલાદના કામોમાં કોશિષ અને મહેનત એવા સમયમાં કરી હોય કે તેઓ મજબૂરી અને પરેશાનીના આલમમાં તેમની જરૂરિયાતો તેની પાસે લઈ ગયા હોય. (૪) તે શખ્સ કે જેણે મારી ઔલાદની દિલ અને ઝબાનથી મહોબ્બત કરી હોય.

(૬) હઝરત ઉસ્માન ગની રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, જે શખ્સે દુનિયામાં અબ્દુલમુત્તલિબ, બની હાશિમ એટલે કે મારી અહલે બયતથી કોઈ નેકી, સારૂં વર્તન અથવા અહેસાન કર્યું અને પછી તે અહલે બયત તેનો બદલો (દુનિયામાં) ન આપી શક્યા તો કયામતના દિવસે તે સૈયદના બદલે હું પૂરો બદલો આપીશ. *(અબૂ નઈમ શરીફ)*

(૭) હઝરત ઉસ્માન ગની રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, જે શખ્સ ઔલાદે અબ્દુલ મુત્તલિબ (સૈયદો)માંથી કોઈની સાથે દુનિયામાં

નેકી અથવા સારૂં વર્તન રાખે તો મારા ઉપર તેની જવાબદારી છે. જ્યારે તે મને મળશે (કયામતના દિવસે) ત્યારે અહેસાન કરવાવાળાને હું પૂરો બદલો આપીશ. *(ખતિબ)*

(૮) હઝરત અલી રદિયલ્લાહુ તઆલા અન્હુથી રિવાયત છે કે, રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : જે શખ્સ મારા અહલે બયતમાંથી કોઈની સાથે અહેસાન અથવા નેક વર્તન કરે, તો તેનો હું કયામતના દિવસે પૂરો બદલો આપીશ.
(ઈબ્ને અસાકીર)

(૯) હઝરત અબી સઈદ ખુદરી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : ત્રણ વસ્તુઓ એવી છે કે, જે શખ્સ તે વસ્તુઓની હિફાઝત કરશે તો ખુદા તેના દીન-દુન્યા બંનેની હિફાઝત ફરમાવશે : (૧) ઈસ્લામની ઈજ્જત (૨) મારી ઈજ્જત (૩) મારા અહલે બયતની ઈજ્જત.
(હાકિમ, દયલમી શરીફ)

(૧૦) **"ફુલ્લા અસ્અલુકુમ અલયહિ અજરન ઈલ્લલ મવદ્દતા ફીલ કુરબા"**ની તફસીરમાં અલ્લામા રાગ્મી રહમતુલ્લાહ અલયહે એક લાંબી હદીસ પેશ કરેલ છે અને એના અંતમાં લખે છે કે, હઝરત હબીબે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, ખબરદાર થઈને સાંભળો ! જે શખ્સ અહલે બયતની ઈર્ષા, દુશ્મનીમાં મર્યો, તે કયામતના દિવસે એવી હાલતમાં ઉઠશે કે તેની બન્ને આંખો વચ્ચે લખ્યું હશે કે, "અલ્લાહની રહેમતથી નાઉમ્મીદ" જે શખ્સ અહલે બયતની દુશ્મનીમાં મર્યો તે કાફિર થઈને મર્યો. કાન ખોલીને સાંભળી લ્યો કે, જે શખ્સ અહલે બયતની ઈર્ષા-દુશ્મનીમાં મર્યો, તેને જન્નતની ખુશ્બૂથી મહેરૂમ કરી દેવામાં આવશે.

(૧૧) હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, શમ્સુદુહા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : કોઈ શખ્સ

કાબા શરીફના એક ખૂણામાં અને મકામે ઈબ્રાહીમની વચ્ચે ચાલ્યો જાય અને નમાઝો પઢે અને રોઝા રાખે અને પછી તે અહલે બયતની દુશ્મનીમાં મરી જાય તો જહન્નમમાં જશે.

(તિબરાની શરીફ, હાકિમ)

(૧૨) હઝરત અબૂ મસ્ઊદ અન્સારી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : જે નમાઝ પઢે અને તેમાં મારા ઉપર, મારી અહલે બયત ઉપર દરૂદ ન પઢે તેની નમાઝ કબૂલ થશે નહીં.

(દારે કતની : ૩૫૫, ભાગ-૧)

(૧૩) હઝરત ઝૈદ બિન અકરમ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, અય મુસલમાનો ! હું તમને ખુદાનો વાસ્તો આપીને નસીહત કરૂં છું કે, મારા અહલે બયતની દેખરેખ રાખજો અને તેમની જરૂરિયાતોનો ખ્યાલ રાખજો અને તેમની તકલીફોને દૂર કરજો, એટલે કે ખુદાથી ડરો અને મારા અહલે બયતથી બદસૂલુકી (ખરાબ વર્તન) ન કરો. *(મુસ્લિમ, તિરમિઝી, નિસાઈ)*

(૧૪) હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, નુરૂલ હુદા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, બની હાશિમ અને અન્સારથી કીનો રાખવો કુફ્ર છે અને અરબથી કિનો રાખવો નિફાક ફીત્નો છે. *(તિબરાની)*

(૧૫) હઝરત અબી સઈદ ખુદરી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : કસમ છે તે પાક જાતની કે જેના દસ્તે કુદરતમાં મારી જાન છે, જેણે મારા અહલે બયતથી કીનો રાખ્યો, ખુદાપાક તેને જહન્નમમાં નાંખશે. *(ઈબ્ને બાન, હાકિમ)*

(૧૬) હઝરત અબી સઈદ ખુદરી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, જે

મારા અહલે બયતથી કીનો રાખે છે, તે મુનાફિક છે.

(કામીલ ઈબ્ને અદી)

(૧૭) હઝરત હસન બિન અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, તેમણે મઆવિયા બિન ખુદૈજ રદિયલ્લાહુ અન્હુએ ફરમાવ્યું કે, અય મઆવિયા ! આપણે અહલે બયત-નબૂવ્વતથી કીનો -દુશ્મની રાખવાથી બચવું જોઈએ. કારણ કે, જનાબે મકબુલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, જેણે અહલે બયતથી કીનો-દુશ્મની રાખી તેને કયામતના દિવસે હૌઝે કૌસરથી આગના કોરડા મારી મારીને ભગાડી દેવામાં આવશે. *(તિબરાની)*

(૧૮) હઝરત અલી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, દાફેઉલ બલા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, જે શખ્સ મારી ઔલાદ એટલે કે અહલે બયત અને અન્સારના હક્કોને ન ઓળખે અને તેમના હક્ક અદા ન કરે, તો તેમની ત્રણ વાતો-માંથી એક વાત જરૂર હશે : (૧) અગર તો તે મુનાફિક હશે. (૨) અગર તો તે વ્યભિચારીની ઔલાદ હશે. (૩) અગર તો તે હૈજની નાપાકીની હાલતમાં તેના માંના પેટમાં હમલથી રહ્યો હશે. *(કામિલ ઈબ્ને અદી, બયહકી)*

(૧૯) હઝરત જાબીર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : અય લોકો ! જે શખ્સ અહલે બયત નબૂવ્વત એટલે કે સૈયદોથી કીનો રાખે, ખુદા તેને યહૂદી બનાવીને ઉઠાવશે. *(તિબરાની)*

(૨૦) હઝરત અબી સઈદ ખુદરી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, ફખરે અંબિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, અલ્લાહ તે ગજબનો જાલીમ ઉપર ખૂબ જ સખ્ત હશે કે જેણે મારી ઔલાદ અહલે બયતની બાબતમાં મને સતાવ્યો અથવા તો તકલીફ પહોંચાડી. *(દયલમી શરીફ)*

(૨૧) હઝરત અબૂ હુરૈરા રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલે

અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : અલ્લાહને થોડા માણસો ખૂબ જ નાપસંદ છે : (૧) ખૂબ વધારે ખાવાવાળો. (૨) ઈબાદતથી ગાફિલ રહેવાવાળો. (૩) સુન્નતોને છોડવાવાળો. (૪) ખુદાનો વાયદો અને જવાબદારી તોડવાવાળો. (૫) અહલે બયત અને આલે નબીથી કીનો-દુશ્મની રાખવાવાળો. (૬) પાડોશીઓને તકલીફ આપનારો. *(દયલમી)*

(૨૨) હઝરત આયશા સિદ્દીકા રદિયલ્લાહુ અન્હાથી રિવાયત છે કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, ૬ માણસો એવા છે કે જેની ઉપર ખુદા તઆલાએ, મેં અને દરેક નબીઓએ લાનત કરેલ છે : (૧) કુર્આન શરીફની અંદર પોતાના તરફથી કોઈ શબ્દ કે વાક્ય વધારવાવાળો. (૨) તકદીરને ન માનવાવાળો. (૩) બળજબરીથી ઈજ્જત મેળવી બાદશાહ બનવાવાળો અને બાદશાહ બનીને ખાનદાન અને ઈજ્જતવાળાઓને જલીલ કરવાવાળો અને નાલાયક લોકોને માન-પાન આપવાવાળો. (૪) હલાલને હરામ કરવાવાળો. (૫) મારા અહલે બયતના ખૂન (લોહી)ને અને આબરૂ ઉપર છરી ફેરવવાવાળો. (૬) મારી સુન્નતોને છોડવાવાળો. *(તિરમિઝી, હાકિમ, બયહકી)*

(૨૩) હઝરત અબી સઈદ ખુદરી રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, ત્રણ વસ્તુઓ એવી છે કે જે શખ્સ તે વસ્તુઓને બરબાદ કરી નાંખે તો મૌલા તઆલા તેના કોઈ કામની હિફાઝત નહીં ફરમાવે : (૧) ઈસ્લામની ઈજ્જત (૨) મારી ઈજ્જત (૩) મારા અહલે બયતની ઈજ્જત. *(હાકિમ, દયલમી)*

(૨૪) હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, સરવરે અંબિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, આકાશના તારાઓ જમીનવાળાઓ માટે દરિયાઈ સફરમાં ડૂબવાથી બચવા માટે રક્ષણનું કારણ છે, અમનની નિશાની છે

અને મારા અહલે બયત મારી ઉમ્મતને વિરોધ-ફાટફૂટમાં પડવાથી બચાવવામાં અમન-શાંતિનું કારણ છે. જ્યારે મારા અહલે બયતથી કોઈ સમૂદાય વિરોધ કરીને અલગ થઈ જાય તો તે સમૂહને 'શૈતાની સમૂહ' ગણવામાં આવશે. *(હાકિમ)*

(૨૫) કરબલાની ઘટના બાદ હઝરત ઈમામ જૈનુલ આબેદીન રદિયલ્લાહુ અન્હુને કેદી બનાવીને લાવવામાં આવ્યા અને દમિશ્કના રસ્તા ઉપર ઉભા રાખવામાં આવ્યા, ત્યારે એક બદ-બખ્ત શામીએ આપ ઉપર કટાક્ષ કરીને કહ્યું : "ખુદાનો શુક્ર છે જેણે તમારા ખાનદાનને કત્લ કર્યો, તેણે ફિત્નાની જડને ઉખેડીને ફેંકી." (મઆઝલ્લાહ) હઝરત ઈમામે જવાબ આપ્યો કે, તેં 'સૂરએ શોઅરા' શું પઢી નથી ? તે ગુસ્તાખે કહ્યું કે, તમે તે છો કે જેનાથી મહોબ્બત કરવાનો આ સૂરહમાં હુકમ છે ? આપે ફરમાવ્યું : હા, અમો જ તે સાદાતે અહલે બયત છીએ.

(રવાહે તિબરાની શરીફ)

આ વાતને બયાન કર્યા બાદ હઝરત અલ્લામા રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે કે, હું તે ગુસ્તાખ શખ્સને ઈમાનવાળો સમજતો નથી. હા, તેનું ઈમાન બુતો અને હાથથી બનાવેલા ખુદા ઉપર છે. એટલા માટે કે અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ઉપર ઈમાન રાખવાવાળાની ઝબાનથી આવી બકવાસ ન નીકળે ! તે શખ્સના દિલમાં ઈમાન કેવી રીતે રહે કે જો અહલે બયતે મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ખત્મ કરવા ઉપર અલ્લાહનો શુક્ર અદા કરે. હું અલ્લાહ અને તેના રસૂલની દુશ્મનીમાં આ લાનતીથી અબૂ જહલને વધુ નથી સમજતો.

(૨૬) કોઈ બંદો મોમિન કામિલ નથી થઈ શકતો, જ્યાં સુધી તે મને તેની જાનથી વધુ મારી ઔલાદને તેની ઔલાદથી વધુ અને મારા અહલને પોતાના અહલથી વધુ અને મારી જાતને તેની જાત કરતાં વધુ મહેબૂબ ન રાખે.

(૨૭) અય મુસલમાનો ! હું તમારામાં બે વસ્તુઓ મૂકી જાઉં છું. જો તમો આ બંને વસ્તુઓથી જોડાયેલા રહેશો અને તેમની હિદાયત પ્રમાણે અમલ કરતા રહેશો તો મારા બાદ ક્યારેય ગુમરાહ ન થશો. તેમાંથી એક કુર્‌આને પાક છે અને બીજી મારી ઔલાદ. કુર્‌આને પાક અને મારી અહલે બયતમાં કોઈ પણ પ્રકારનો વિરોધાભાસ કે જુદાઈ ન થાય, ત્યાં સુધી કે આ બંને હૌઝે કૌસર પર સાથે જ મને મળશે. એટલા માટે જ તમો જુઓ અને વિચારો કે, મારા પછી તમો લોકોએ કુર્‌આન મજીદ અને અહલે બયતના હક્કો કેવી રીતે અદા કર્યા છે અને તેમના હક્કો અદા કરવામાં શું શું ભૂલો કરી છે ? આ બાબતોના જવાબ માટે હૌઝે કૌસર ઉપર તૈયાર રહો. *(તિરમિઝી, હાકિમ)*

(૨૮) અલ્લાહ તઆલાથી મહોબ્બત રાખો. એ કારણે કે તે તમને વિવિધ જાતની નેઅમતો ખવડાવે છે, અને અલ્લાહ તઆલાની મહોબ્બતના કારણે મારાથી મહોબ્બત રાખો અને મારી મહોબ્બતના કારણે મારા અહલે બયતથી મહોબ્બત રાખો.
(તિરમિઝી, તિબરાની)

(૨૯) હઝરત સિદ્દીકે અકબર અબૂબક્ર રદિયલ્લાહુ તઆલા અન્હુ ફરમાવે છે કે, અય મુસલમાનો ! નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના અદબ અને એહતેરામના હક્કો અને અહલે બયતની સાર-સંભાળ અને મહોબ્બત અદા કરવાનો ખ્યાલ રાખો. *(બુખારી શરીફ)*

(૩૦) અય અબ્દુલ મુત્તલીબની ઔલાદ ! મેં ખુદાપાકથી તમારા માટે ત્રણ વસ્તુઓની દુઆ કરી છે : (૧) અલ્લાહ તમારા દિલોને મુસીબતો અને તકલીફોમાં સાબિતકદમ, મજબૂત અને અડગ રાખે. (૨) તમારામાંથી જે અનપઢ હોય તેને ઈલ્મ નસીબ કરે, તમારામાંથી ભૂલેલાને હિદાયત નસીબ કરે. (૩) તમને સખી, બહાદુર અને રહેમદિલ બનાવે. *(તિબરાની, હાકિમ)*

(૩૧) મારા અહલે બયતની સારસંભાળ તેમની ઝિંદગીની જરૂરીયાતો અને હાજતોની ફીકર-ચિંતામાં અય મુસલમાનો ! તમો મારા નાયબ અને કાયમ થઈ જાવ. એટલે કે જેવી રીતે એમની ફિકર-ચિંતા હું કરતો હતો, તેવી જ ફિકર-ચિંતા તમો લોકો કરો.

(તિબરાનીકી અવસ્ત)

(૩૨) મારા અહલે બયતની મીસાલ હઝરત નૂહ અલયહિસ્સલામની કશ્તી (હોડી) સમાન છે કે, જે તેમાં સવાર થઈ ગયો, તે બચી ગયો અને જેણે તેને છોડી દીધી, તે ડૂબી ગયો. એવી જ રીતે જે આલે રસૂલના દામનથી વળગી રહ્યો તે નજાત પામશે અને જેણે તેમના દામનને છોડ્યો, તે તબાહો-બરબાદ થઈ ગયો.

(બઝઝાઝ શરીફ)

(૩૩) મારા અહલે બયતની મિસાલ તમારા લોકોમાં હઝરત નૂહ અલયહિસ્સલામની કશ્તી (હોડી) અને બની ઈસરાઈલના 'હુત્તાહ' દરવાજા જેવી છે. હઝરત નૂહ અલયહિસ્સલામની કૌમમાંથી જે કશ્તીમાં સવાર થઈ ગયો અને બની ઈસરાઈલમાં જે 'બાબે તૌબા'માં તૌબા-તૌબા કરતો દાખલ થયો, તેની નજાત અને મગફિરત થઈ ગઈ અને જે કશ્તીમાં સવાર ન થયો અને જે બની ઈસરાઈલમાં તૌબા કર્યા સિવાય મજાક અને શરારત કરવા લાગ્યા, તો પ્લેગની બિમારીમાં બરબાદ થઈ ગયા.

(તિબરાની શરીફ)

(૩૪) દરેક ચીઝ માટે પાયો જડ જરૂરી છે, અને ઈસ્લામની બુનિયાદ-જડ અસ્હાબે રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને અહલે બયતની મહોબ્બત છે. *(બુખારી શરીફ)*

(૩૫) તમારી ઔલાદને ઉમદા આદતોમાંથી ત્રણ પ્રકારની આદતો અને ત્રણ આદાબની તાલીમ આપ્યા કરો : (૧) તમારા નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મહોબ્બત. (૨) અહલે બૈતની મહોબ્બત. (૩) કુરઆન શરીફ પઢવાના આદાબ શીખવાડ્યા

કરો. એટલા માટે કે કુર્‌આનમાં જાણવાવાળા હાફિઝ અલ્લાહ તઆલાના સાયામાં અમન અને ચૈનથી ખુદાના મહેબૂબ બંદાઓ અને પયગમ્બરો સાથે હશે. એવા સમયે કે જ્યારે ખુદાપાકના સાયા સિવાય કોઈ સાયો નહીં હોય.

(૩૬) મારા અહલે બયત અને અન્સાર મારૂં પેટ અને ગઠરી છે. એટલે રાઝની વાતો જાણવાવાળા અને ભરોસાવાળા છે. એટલા માટે તે નેક લોકોમાંથી નેક કામ અને ઉમદા વાતો કબૂલ કરો અને એમાંથી જે ગુનેહગાર અને બદકાર છે, તેમનાથી દરગુજર કરો અને તેમના કસૂર માફ કરો. *(દયલમી શરીફ)*

(૩૭) દરેક પ્રકારના રીશ્તા અને નજદીકી કયામતના દિવસે તૂટીને ખત્મ થઈ જશે, પરંતુ મારો રિશ્તો અને નજદીકી નિસ્બત બાકી રહેશે. *(તિબરાની શરીફ)*

(૩૮) કસમ છે એ ખુદાપાકની ! કોઈ પણ મર્દે મોમિનના દિલમાં ત્યાં સુધી ઈમાન દાખલ નહીં થાય, જ્યાં સુધી કે અય અહલે બયત ! તે તમને અલ્લાહના વાસ્તે અને મારી રિશ્તેદારીના ખ્યાલથી દોસ્ત ન રાખે. *(ઈમામ અહમદ, તિરમિઝી, નિસાઈ)*

(૩૯) જલીલુલ કદ્ર સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્‌ઉદ રદિયલ્લાહુ અન્હુ ફરમાવે છે કે, આલે રસૂલ (સૈયદ)થી એક દિવસની મહોબ્બત એક વર્ષની ઈબાદતથી બેહતર છે.

(અશરફુલ મુઅબ્બદ : પેજ-૮૭)

(૪૦) આયતે કરીમા **"ફુલ્લા અસ્‌અલોકુમ અલયહે અજરન ઈલ્લલ મોવદ્દતા ફીલ કુરબા"** *(સૂ.શોઅરા-૨૫)*ની તફસીરમાં હઝરત ઈમામ રાઝી રહમતુલ્લાહ અલયહ એક લાંબી હદીસમાં નકલ ફરમાવે છે કે, સરકારે દો જહાં, તાજદારે અંબિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, જે મારી અને મારા અહલે બયતની મહોબ્બતમાં મર્યો....

- તેને શહીદનો મરતબો મળ્યો.
- તે ઈમાન સાથે મર્યો.
- તેના તમામ ગુનાહો માફ થઈ ગયા.
- તેને તૌબા નસીબ થશે.
- મલેકલ મૌત અને મુન્કર-નકીર જન્નતની ખુશખબરી આપશે.
- તેની કબરમાં જન્નતના દરવાજા ખુલ્લા કરી દેવાશે.
- તેની કબર પર રહેમતના ફરિશ્તાઓ ઝિયારત કરવા આવશે.
- તે અહલે સુન્નત વ જમાઅતના અકીદા પર મૃત્યુ પામશે.

(હવાલો : તફ્સીરે કબીર : ભાગ-૨, પેજ-૩૯)





ચાર ચારના અકવાલ ચાર

મહાન સહાબીએ રસૂલ, ખલીફએ અવ્વલ, સૈયદના અમીરૂલ મોમેનિન હઝરત અબૂબક્ર સિદ્દીકે અકબર રદિયલ્લાહુ અન્હુ ફરમાવે છે કે, ચાર વસ્તુઓ એવી છે કે, જે બીજી ચાર વસ્તુઓને લીધે દરજ્જાએ કમાલ સુધી પહોંચી જાય છે અને નુક્સાનને ભરપાઈ કરી દે છે :

(૧) નમાઝમાં જો કાંઈ ભૂલ થઈ હોય અથવા કંઈ કમી રહી ગઈ હોય તો તે બે વાર સિજદએ સહવ કરવાથી દૂર થઈ જાય છે.

(૨) રોઝા દરમિયાન થયેલી કોતાહીઓ-ભૂલો સદકએ ફિત્ર અદા કરવાથી અદા થઈ જાય છે.

(૩) હજ્જ અદા કરવામાં જો કસર રહી જાય તો ફિદયા આપવાથી ભૂલ દૂર થઈ જાય છે.

(૪) ઈમાનની અપૂર્ણતા અલ્લાહની રાહમાં જેહાદ કરવાથી પૂર્ણતા પ્રાપ્ત કરે છે.

ખલીફએ દુવ્વમ અમીરૂલ મોમેનિન હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હુ ફરમાવે છે કે, દરિયા ચાર છે :

(૧) નફસ એ ઈચ્છાઓનો દરિયો છે, એ પ્રથમ પ્રકારમાં આવે છે, તે ગુનાહોનો દરિયો છે.

(૨) નફસે ઈન્સાની જે નફસની ઈચ્છાઓ પૂર્ણ કરવામાં રોકાયો છે.

(૩) મૌત અર્થાત્ કઝા-એ-ઝિંદગીઓનો દરિયો છે, જેમાં લાખો વર્ષની ઉંમરો પણ ડૂબી જાય છે.

(૪) કબ્ર એ મુસીબતોનો અગાધ દરિયો છે.

ખલીફએ સોયમ અમીરૂલ મોમેનિન હઝરત ઉસ્માન રદિયલ્લાહુ અન્હુના આ સોનેરી શબ્દો જોવા જેવા છે કે ચાર વસ્તુઓમાં મને બંદગી એટલે કે ઈબાદતની લઝઝત અને મીઠાશ પ્રાપ્ત થઈ છે :

(૧) અલ્લાહ તઆલાના બતાવેલા ફર્ઝો અદા કરવામાં.

(૨) મહેરબાન અલ્લાહે હરામ (સખ્ત મના) ફરમાવેલી વસ્તુઓથી દૂર રહેવામાં.

(૩) અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરવા તેમજ અજરો સવાબ માટે લોકોને નેક રાહ પર ચાલી નેક કાર્યો કરવાનો હુકમ આપવામાં.

(૪) અલ્લાહના ગઝબ એટલે કે અઝાબથી બચવા માટે માણસોને દુષ્કૃત્યોથી રોકવામાં લઝઝત આવે છે.

ખલીફએ ચહારૂમ અમીરૂલ મોમેનિન બાબુલ મદીનતુલ ઈલ્મ હઝરત અલી શેરે ખુદા કર્રમલ્લાહુ વજહહુ ફરમાવે છે કે...

(૧) જેને જન્નત હાસિલ કરવાની તમન્ના હોય તે હંમેશા નેકીઓ તરફ દોડે છે.

(૨) જેને દોઝખની જવાળાઓનો ડર છે, તે ખ્વાહિશે નફસ અર્થાત્ નફસની ઈચ્છાઓથી દૂર રહે છે.

(૩) જેને મૃત્યુ પર સંપૂર્ણ ભરોસો છે કે મરીને અલ્લાહના ભવ્ય દરબારમાં હાજરી આપવી છે, તે આ નાશવંત જગતની ઈચ્છાઓ અને લઝઝતોને પોતાની પાસે આવવા દેતો નથી.

(૪) જેણે આ જગતની હકીકતોનું સંપૂર્ણપણે રહસ્યો જાણી લીધું, તેના ઉપર મુસીબતો હંમેશા હળવી થઈ જાય છે.

❋ ❋ ❋



વિવિધ ૪૦ હદીસો

(૧) દુનિયા માત્ર એક સામાન જેટલી કિંમત રાખે છે. દુનિયાનો બેહતરીન સામાન 'નેકબખ્ત' (સદાચારી) ઔરત છે.

(૨) અબૂ સુફીયાનની પત્ની હિંદાએ કહ્યું કે, યા રસૂલલ્લાહ ! મારો પતિ કંજૂસ છે અને મને તેમજ મારા બાળકોને પૂરતો ખર્ચ આપતો નથી, તો શું હું તેના માલમાંથી ચોરી કરૂં ? નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જવાબ આપ્યો કે, એટલું લેજે જેટલું તારા માટે અને તારા બાળકો માટે કાફી (પૂરતું) થઈ જાય.

(૩) એક શખ્સ (લડાઈમાં) વીરતાને ખાતર લડે છે, બીજો શખ્સ કૌમની મહોબ્બતને ખાતર લડે છે, ત્રીજો શખ્સ અલ્લાહની રાહમાં લડે છે. તો આ ત્રણમાં શ્રેષ્ઠ કોણ ગણાય ? આ સવાલના જવાબમાં મદની તાજદાર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, તે જ અલ્લાહની રાહમાં લડનારો છે, જે અલ્લાહ તઆલાના કાનૂનને બુલંદ કરવા લડતો હોય.

(૪) કયામતના દિવસે એવા ત્રણ માણસોની સાથે અલ્લાહ તઆલા વાત કરશે નહીં, તેમની તરફ રહમતની નજરથી જોશે પણ નહીં, તેમના ગુનાહો માફ કરશે નહીં અને તેમને સખ્ત અઝાબ આપશે. તે ત્રણ ગુનેહગારો આ પ્રમાણે છે : (૧) વૃદ્ધ માણસ વ્યભિચારી હોય. (૨) બાદશાહ-શાસક થઈને જૂઠું બોલનાર. (૩) અભિમાન અને ઘમંડથી ભરેલો.

(૫) મુસલમાન ખજાનચી દયાનતદારીથી પોતાના ખજાનાની હિફાઝત કરે છે. જે ચીઝ આપવાનો હુકમ આપે છે, તે બજાવી લાવે છે. તેનું દિલ નેકીના જઝબાતથી ભરપૂર હોય છે. તો તેવો શખ્સ ખયરાત કરનારાઓમાં ગણાશે.

(૬) હું મારા બે ભત્રીજાઓ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ખિદમતમાં હાજર થયો, તેમાંથી એકે અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! અલ્લાહે આપને મુલ્ક અતા ક્યોં છે, તેમાંથી કોઈ એક ભાગનો મને હાકિમ બનાવી દો. બીજા ભત્રીજાએ પણ એવી જ દરખાસ્ત પેશ કરી. રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, ખુદાની કસમ ! હું એવા શખ્સને હાકિમ બનાવતો નથી, જે તેને માટે માંગણી અને ઈચ્છા કરે અથવા તેની લાલચ રાખે.

(૭) જીદ્દી અને ઝઘડાળુ માણસ અલ્લાહની નજરમાં સૌથી વધારે કાબિલે નફરત છે.

(૮) નમાઝમાં વાતચીત કરવી બિલ્કુલ મના છે. નમાઝ તો માત્ર અલ્લાહ તઆલાની અઝમત બયાન કરવા અને કુરૂઆને પાક પઢવા માટે જ મુકર્રર છે.

(૯) અમે બધા હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ખિદમતમાં હાજર હતા. આપે અમને ફરમાવ્યું કે, શું તમે બધા એ વાતનો એકરાર કરો કે અલ્લાહની સાથે શિર્ક કરશો નહીં, ચોરી નહીં કરો, વ્યભિચાર નહીં કરો, કોઈને કત્લ નહીં કરો જ્યાં સુધી કે કાનૂન મુજબ તેનો જાન ન લેવાય, વ્યભિચારનો આક્ષેપ બીજા પર નહીં લગાવો અને નેક કામોમાં મારા હુકમની નાફરમાની ન કરો. ત્યારે અમે બધાએ જવાબ આપ્યો : બેશક ! ત્યારે રસૂલુલ્લાહે ફરમાવ્યું કે, જે કોઈ આ કરારને પૂરો કરશે, બેશક તેનો અજર મેળવશે.

(૧૦) જે શખ્સ જૂઠી કસમ ખાઈને મુસલમાનનો હક છીનવે છે, તેને

અલ્લાહ તઆલા જન્નતમાં દાખલ કરશે નહીં. બલ્કે તેને જહન્નમમાં દાખલ કરવા મજબૂર કરશે. સહાબાએ કહ્યું કે, જો તે બહુ નાની ચીઝ વિશે હોય તો પણ ? મદની તાજદારે જવાબ આપ્યો કે, તે અગર કાંટાદાર ઝાડની ડાળ કેમ ન હોય (મતલબ કે એટલી નાની બાબત વિશે હોય તો પણ).

(૧૧) મુસલમાનના માથે તેના ભાઈના આટલા હક છે : (૧) તેના સલામનો જવાબ આપવો. (૨) બીમાર પડે તો ખબર કાઢવા જવી. (૩) દાવત આપે તો કબૂલ કરવી.

(૧૨) મુસલમાન તે છે, જેની જીભ અને હાથથી બીજો મુસલમાન સુરક્ષિત રહે. મોમિન તે છે, જેનાથી માણસનું ખૂન અને માલ સુરક્ષિત રહે.

(૧૩) કયામતના દિવસે કત્લ થયેલો (મકતુલ) માણસ પોતાનું માથુ લઈને આવશે. કાતિલ (ખૂની) પણ સાથે હશે. મકતુલના ગળાની રગોમાંથી લોહી વહેતુ હશે, તે અલ્લાહને કહેશે કે આ માણસે મને કત્લ કર્યો છે અને તે મકતુલ પેલા કાતિલને પકડીને અલ્લાહના તખ્ત પાસે લઈ જશે.

(૧૪) ઈમાનની ૭૦ શાખાઓ છે. તે પૈકી હયા (શરમ) ઈમાનની એક શાખા એટલે કે ઈમાનનો એક ભાગ છે.

(૧૫) જ્યારે એક શખ્સ ઇસ્લામ કબૂલ કરી લે છે અને ઇસ્લામ જ્યારે તેના તમામ કૃત્યો પર છવાઈ જાય છે, ત્યારે અલ્લાહ તઆલા તેના સારા કામોને લખી લે છે, જે તેણે પહેલાં કર્યા હતા અને તમામ ગુનાહોને મિટાવી દે છે, જે તેણે પહેલાં કર્યા હતા. હવે તેને તેના સારા કૃત્યોનો બદલો ૧૦ ગણો (ઓછામાં ઓછો) અને વધુમાં વધુ ૭૦૦ ગણો આપવામાં આવે છે. પરંતુ તેનો ગુનોહ તો એક જ વખત લખાય છે. બીજી સ્થિતિ તેની એવી છે કે, અલ્લાહ તેના ગુનાહને માફ કરી દે છે.

(૧૬) ખૂબ ખાઓ, ખયરાત આપો અને કપડાં પહેરો. પરંતુ ફુઝૂલ-

ખર્ચી અને બગાડ કરવાથી બચો.

(૧૭) હઝરત સઅદ બિન વક્કાસ રદિયલ્લાહુ અન્હુ કહે છે કે, હું હજ્જતુલ વિદાઅ વખતે ઘણો બીમાર હતો. મારી ખબર કાઢવા માટે મદની તાજદાર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તશરીફ લાવ્યા. મેં હુઝૂરને પૂછ્યું : યા રસૂલલ્લાહ ! આપ જોઈ રહ્યા છો કે, હું સખ્ત બીમાર છું, મારી પાસે ઘણી દૌલત છે અને એક દીકરી છે, જે મારી વારસદાર છે. શું હું મારી દૌલતનો ૨/૩ ભાગ અલ્લાહના માર્ગમાં ખર્ચી શકું ? આપે ફરમાવ્યું : નહીં. મેં કહ્યું : અડધો. આપે કહ્યું : નહીં. મેં કહ્યું : ૧/૩ ભાગ. આપે કહ્યું : ખૈર, જો કે એ પણ વધારે છે. તમારા વારસોને મુફલીસ મૂકીને જાવ તેના કરતાં તેમને દૌલતમંદ મૂકીને જાવ તે બેહતર છે. જેથી તે લોકોની પાસે ભીખ ના માંગે. અલ્લાહપાકની રઝામંદી પ્રાપ્ત કરવા જે કાંઈ કરશો, તેનો અજર તમને જરૂર મળશે. ત્યાં સુધી કે તે કોળીયો કે જે તમે તમારી પત્નીના મોઢામાં નાંખશો, તેના સવાબથી પણ વંચિત રહેશો નહીં.

(૧૮) રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ મસ્જિદમાં હતા, એક ગામડિયો આવ્યો અને જલ્દી જલ્દી નમાઝ પઢવા લાગ્યો અને એવી દુઆ માંગવા લાગ્યો કે, યા ખુદા ! મારા પર રહમ કર અને મોહમ્મદ પર રહમ કર અને અમો બે સિવાય કોઈના પર રહમ ન કર ! તો હુઝૂરે ફરમાવ્યું : તમે તો સાવ પથ્થર દિલ થઈ ગયા.

(૧૯) એક સહાબીએ કોઈ અન્સારી સ્ત્રીને નિકાહનો પયગામ મોકલ્યો ત્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમને પૂછ્યું કે, શું તમે તમારી મંગેતરને જોઈ લીધી ? તેમણે કહ્યું : ના. તો આપે ફરમાવ્યું કે, જાવ એને જોઈ લો.

(૨૦) કોઈ મિસ્કીનને ખયરાત કરવી એક નેકી છે. જ્યારે રિશ્તેદારને આપવું બમણી નેકી છે. એક ખૈરાત છે, બીજો તોહફો છે.

(૨૧) કોઈએ પૂછ્યું કે, યા રસૂલલ્લાહ ! સૌથી સારૂં કામ ક્યું ? હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે, ભૂખ્યાને ભોજન આપવું અને દરેકને સલામ કરવી. સલામ કરો, ભલે તમે તેને ઓળખતા પણ ના હોવ. આ સારા કામો છે.

(૨૨) દરેક અમલનો દારોમદાર (આધાર) તેની નિય્યત પર હોય છે.

(૨૩) અય મુસલમાનો ! તમને એટલા માટે મોકલવામાં આવ્યા છે કે, ઝિંદગીમાં તમો સહુલત-સરળતા પૈદા કરો. એટલા માટે નહીં કે તમે તેને તંગ કરી દો.

(૨૪) જો કોઈ શખ્સમાં આ ચાર વાતો હશે, તો તે પાકો મુનાફિક હશે અને જેનામાં એક હશે તે એટલા દરજ્જા પૂરતો મુનાફિક હશે. ત્યાં સુધી કે તે તેને છોડી ન દે : (૧) જ્યારે વાત કરે ત્યારે જૂઠુ બોલે. (૨) અમાનતમાં ખયાનત કરે. (૩) વચનભંગ કરતો હોય. (૪) ઝઘડો કરે ત્યારે ગાળો ભાંડવા માંડે.

(૨૫) ઝાલિમ (અત્યાચારી) બાદશાહ (સત્તાધીશ)ની સામે સત્ય વાત કરવી સૌથી મોટો જેહાદ (ધર્મયુદ્ધ) છે.

(૨૬) અલ્લાહ તઆલાએ એ મુસાફર પર ઈનામ રાખ્યું છે કે જે તેના માટે અડધી નમાઝ (ફર્ઝ નમાઝ) માફ કરી, તે રોઝો ના રાખે તેના માટે ઈજાઝત છે. બીમારના માટે પણ ઉપરોક્ત છૂટ છે. જે ઔરત બાળકને દૂધ પિવડાવતી હોય અને જે ગર્ભવતી હોય અને જો તેને ડર હોય કે રોઝો રાખવાથી તેના બાળકને નુકસાન થશે, તો રોઝો નહીં રાખવાની છૂટ છે.

(૨૭) તમારો કોઈ વ્યક્તિ પાકો ઈમાનદાર થઈ શકતો નથી, જ્યાં સુધી કે તે પોતાના માં-બાપ, ઔલાદ અને તમામ માનવો કરતાં મને સૌથી વ્હાલો અને પ્રિય ન રાખે.

(૨૮) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : જે શખ્સ મારી ઈતાઅત કરે છે, તે હકીકતમાં અલ્લાહનો ફરમાંબરદાર છે. જે

મારો બાગી છે, તે ખુદાપાકનો પણ બાગી છે. જે મારા નક્કી કરેલા હાકિમનો ફરમાંબરદાર છે, તે મારો પણ ફરમાંબરદાર છે. જે મારા હાકિમનો વિરોધી છે, તે મારો પણ વિરોધી છે.

(૨૯) જે દૌલતમંદ (માલદાર) હોવા છતાં કર્ઝ (દેવું) અદા કરવામાં ટાલમટોલ (ઢીલ) કરે છે, તે ખોટા કામ કરનારો છે.

(૩૦) જેનામાં આ ત્રણ ચીઝો હશે, તે હકીકતમાં ઈમાનની લઝઝત ઉઠાવશે : (૧) તમામ દુનિયાથી વધારે અલ્લાહ અને તેના રસૂલને ચાહતો હોય. (૨) માત્ર અલ્લાહની મહોબ્બત ખાતર અન્ય મુસલમાનથી મહોબ્બત અને પ્રેમભાવ દિલમાં રાખતો હોય. (૩) જે કુફ્રને છોડીને ઈસ્લામમાં દાખલ થાય છે. હવે ઈસ્લામ છોડીને કુફ્ર તરફ જવું તેને એવું અઘરૂં અને નાપસંદ લાગે, જેટલું દોઝખની આગમાં કૂદી પડવાનું અઘરૂં અને બુરૂ સમજે (નાપસંદ લાગે).

(૩૧) એક જનાઝો મદની તાજદાર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસેથી પસાર થયો, તો આપે ફરમાવ્યું : યા તો તેને આરામ મળશે, યા તો તેનાથી હવે બીજાઓને આરામ મળશે. તો લોકોએ પૂછ્યું : તેનો મતલબ શું ? તો જવાબમાં આપે કહ્યું : ઈમાનદાર મરે છે ત્યારે દુન્યવી તકલીફો અને મુસીબતોથી નજાત મેળવી લે છે, અને જ્યારે કોઈ બદમાશ તોફાની મરે છે, તો તમામ ઈન્સાનો, પશુ-પંખીઓ, ઝાડપાન તેના ત્રાસથી છૂટકારો મેળવી રાહત અનુભવે છે.

(૩૨) એક માણસે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પૂછ્યું કે, મારી માં મરી ગઈ છે, જો હું તેના નામે ખયરાત કરૂં તો તેને શું ફાયદો થશે ? આપે ફરમાવ્યું : હા, જરૂર. પછી પેલા માણસે જણાવ્યું કે, મારો એક બાગ છે, જેને હું મારી માંના સવાબ અર્થે અલ્લાહના નામે ખયરાત આપું છું, આપ સાક્ષી રહેજો.

(૩૩) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી કોઈએ સવાલ

કર્યો : બેહતરીન ખયરાતથી શું મતલબ છે ? તો આપે ફરમાવ્યું કે, સદકા અને ખયરાત તેવા સમયે આપો, જ્યારે કે તમો તંદુરસ્ત હોવ, તમારા દિલમાં કંજૂસાઈના વિચાર પણ ઉભા થતા હોય, તમને દૌલતમંદ થવાની ઉમ્મીદ પણ હોય, તમે મુફલીસી અને ગરીબીથી ડરતા પણ હોવ. ખુદાના નામ પર આપવામાં એટલી વાર પણ ન લગાડો, જ્યારે કે રૂહ તમારા ગળામાં આવીને અટકી જાય અને તે વખતે તમે કહેવા લાગો કે આટલી રકમ ફલાણાંને આપી દો, આ તો ફલાણાંનો હિસ્સો છે. એવા સમયે આપવું ફાયદામંદ નથી.

(૩૪) જ્યારે કોઈ માણસ પોતાની હલાલ અને તૈયબ રોજીમાંથી ખૈરાત કરે છે, તો રહમ કરનારો ખુદા તેને પોતાના જમણા હાથમાં લઈ લે છે. યાદ રાખો ! અલ્લાહપાક માત્ર પવિત્ર વસ્તુઓનો જ સ્વિકાર કરે છે. ચાહે તે સૂકી ખજૂર જ કેમ ન હોય. હવે તે મહેરબાન અલ્લાહપાકના હાથમાં તે બીજ (આપેલ ખૈરાત) વધે છે. ત્યાં સુધી કે તે પહાડથી પણ વધી જાય છે. જેમ તમે કોઈ નાનું બાળક લઈ લો અને પછી તેને પાળી-પોષીને મોટું કરો, એવી જ રીતે ખૈરાત વધતી રહે છે. (તેનો સવાબ અજરા વધતો રહે છે.)

(૩૫) જો કોઈ જનાઝો પસાર થાય અને તમો તેની સાથે થઈ શકતા ન હોવ તો જ્યાં સુધી એ આગળ વધી ન જાય ત્યાં સુધી ઉભા થઈ જાવ અથવા તેને જમીન પર મૂકવામાં ન આવે ત્યાં સુધી ઉભા રહો.

(૩૬) જે શખ્સ પાસે ગુજરાન ચલાવવાનો સામાન હોવા છતાં ભીખ માંગે છે, તે કયામતના દિવસે એવી રીતે આવશે કે તેના ચહેરા પર ઝખ્મ અને ખરાશના નિશાન હશે.

(૩૭) અમારામાં કેટલાક એવા છે, જે કાહીનીઓ અને જ્યોતિષીઓ પાસે જાય છે. તેમનાથી ભવિષ્યના ઈરાદાઓની પૂછપરછ કરે

છે. રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું : તમો એવાઓની પાસે જશો નહીં.

(૩૮) આગળના કોઈ એક પયગમ્બરને કીડી કરડી હતી, તો તેમણે હુકમ આપીને કીડીઓના ઘરોને આગ લગાવી દીધી, તેથી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, તમને તો એક જ કીડી કરડી હતી. જ્યારે તમોએ તેની આખી કૌમને સળગાવી દીધી, હાલાંકે કીડીઓ અલ્લાહની બુઝુર્ગી બયાન કરે છે.

(૩૯) હે લોકો ! અલ્લાહની એટલી જ ઈબાદત કરો જેટલી તમને તાકાત છે. કારણ કે અલ્લાહ થાકતો નથી, તમને થાક લાગે છે. અલ્લાહની નજરમાં તે કાર્ય પસંદીદા છે, જે નિયમિત થતું હોય. પછી ભલેને તે થોડું હોય.

(૪૦) ત્રણ શખ્સ રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પાસે આવ્યા અને ઈબાદત બાબતે ચર્ચા કરવા લાગ્યા. હુઝૂરે તેમને સમજણ પાડી, પણ તે વાત તેમને મામૂલી લાગી અને કહેવા લાગ્યા કે, અમો અલ્લાહના રસૂલનો મુકાબલો કઈ રીતે કરી શકીએ. ત્રણમાંથી એકે એવું નક્કી કર્યું કે, હું દરરોજ રાત્રે ઈબાદત કરતો રહીશ. બીજાએ એ નક્કી કર્યું કે, હું દરરોજ દિવસે રોઝા રાખીશ. ત્રીજાએ નક્કી કર્યું કે, હું સ્ત્રીઓથી અલગ થઈ જઈશ. જ્યારે આપ સરકારને એ વાતની ખબર થઈ તો આપે ફરમાવ્યું : "શું તમો લોકોએ આવા આવા ફેંસલા કર્યા છે. ખુદાની કસમ ! તમે જે રીતે અલ્લાહથી ડરો છો અને ખૌફ રાખો છો, હું તમારા કરતાં વધારે ડરું છું અને ખૌફ પણ રાખું છું. પરંતુ મારી હાલત એ છે કે, હું રાત્રે ઈબાદત પણ કરું છું અને સૂઈ પણ જાઉં છું. હું ઔરતોથી નિકાહ પણ કરું છું અને દૂર પણ થાઉં છું. હું રોઝા પણ રાખું છું અને ઈફતાર પણ કરું છું. જે શખ્સ મારા આ રસ્તાથી વિરૂદ્ધ ચાલશે, તેને મારાથી કશો જ સંબંધ નથી." *(તયબાહ : ૧-૭-૮૩માંથી સાભાર)*



ત્રણ ચીજો

- **ત્રણ કામ કરો :**
  (૧) શફકત-પ્રેમ (૨) સદાચાર (૩) ખુશદિલી.
- **ત્રણ ચીજો વધારો :**
  (૧) સારા પુસ્તકો (૨) સારા દોસ્ત (૩) સારૂં કાર્ય.
- **ત્રણ વસ્તુ માટે લડો :**
  (૧) પોતાનો દેશ (૨) ઈઝઝત (૩) દોસ્ત-મિત્ર.
- **ત્રણ વસ્તુ પર કાબૂ રાખો :**
  (૧) ક્રોધ (૨) સ્વાર્થ (૩) જીભ.
- **ત્રણ કામથી નફરત કરો :**
  (૧) ઝુલ્મ-અત્યાચાર (૨) ઘમંડ (૩) બેવફાઈ.
- **ત્રણ ચીજોથી દુશ્મન વધે છે :**
  (૧) ઝર (૨) જમીન (૩) ઝન.
- **ત્રણ વસ્તુનું માન રાખો :**
  (૧) ધર્મ (૨) ન્યાય (૩) સદ્‌કાર્ય.
- **ત્રણ વસ્તુને પ્રિય રાખો :**
  (૧) બહાદુરી (૨) શરાફત (૩) મુરવ્વત.
- **ત્રણ ચીજોથી બચો :**
  (૧) કમીનાપણું (૨) જીદ (૩) દેખાવ-ડોળ.

- **ત્રણ ચીજો ઝલીલ (અપમાનિત) કરશે :**
  (૧) ચોરી (૨) ચાડી (૩) જૂઠ.

- **ત્રણ વાત પાછી નહીં આવે :**
  (૧) કમાનનું તીર (૨) શરીરનો આત્મા (૩) ઝબાન (મોઢે)થી નીકળેલી વાત.

- **ત્રણ કાર્ય છોડી દેજો :**
  (૧) સુસ્તી (૨) ફુઝૂલખર્ચી-ખોટા ખર્ચા (૩) એલફેલ બોલવું.

અનમોલ મોતી

- જો તમે બીજાઓથી ધન-દૌલતમાં આગળ ના વધી શકો તો સદ્-વર્તન કરવામાં આગળ વધી જાવ.
  -હઝરત મઆરૂફ કરખી રહમતુલ્લાહ અલયહ
- અહલે કરમ (દયા પાત્ર)એ લોકો છે, જે પોતાની જરૂરતોને બીજાની જરૂરતો પર સરસાઈ આપે છે. *-હઝરત ગૌષેપાક રદિયલ્લાહુ અન્હુ*
- માનવીના માટે ખોટી સંગત (બૂરી સોહબત)થી વધીને બીજી કોઈ ખરાબી નથી. *-હઝરત બખ્તયારકાકી રહમતુલ્લાહ અલયહ*

પયગામે નબવી

સલ્લલ્લાહુ તઆલા અલયહિ વસલ્લમ

- નેકી અને પરહેઝગારીમાં પરસ્પર મદદ કરો. બૂરાઈ અને સરકશી જેવા કાર્યોમાં કોઈનો પણ સાથ આપો નહીં.
- જે કોઈ મુસલમાન નરમ સ્વભાવ અને સદ્ગુણી હોય તેની પર જહન્નમની આગ હરામ છે.
- મોમિન પોતાના અખ્લાકના કારણે રાત્રે ઈબાદત કરનારા અને દિવસે રોઝા રાખનારા લોકોનો દરજ્જો હાસિલ કરી લે છે.

- સખી માણસો ખુદા તઆલાના દોસ્ત છે.
- તે માણસ બેદીન છે, જેમાં દયાનતદારી નથી. તે માણસમાં ઈમાન નથી, જે વચનનું પાલન કરતો ન હોય.
- જ્યારે તને નેકી કર્યા પછી ખુશી ઉત્પન્ન થતી હોય અને બૂરાઈ કર્યા પછી પસ્તાવો થતો હોય તો તું જરૂર મોમિન છે.
- ખામોશી (મૌન) મહાન હિકમતે અમલી છે.
- અજ્ઞાનતા (જહાલત) કંગાલપણાંનો દુષ્ટતમ પ્રકાર છે.
- રમઝાન શરીફમાં રોઝા રાખવા અને મસ્જિદે હરમમાં એ'તેકાફમાં બેસવાથી પણ વધુ પ્રિય મને એ છે કે, હું જરૂરત સમયે આપણાં ભાઈઓની મદદ કરું.
- તમારા (દીની) ભાઈ સાથે બગલગીર (ભેટવું) થતી વખતે હાસ્ય પણ સદકો-નેકી છે (મતલબ એ છે કે, હસતા ચહેરે બગલગીર થવું પણ નેકી છે).
- દૌલત ખર્ચ કરતા રહો, તેને રોકી રાખો નહીં. નહીં તો સંભવિત છે કે ખુદા પણ દૌલતના દરવાજા તમારા માટે બંધ કરી દે.
- માલ-દૌલત વધારે હોય તેની પર માલદારીનો આધાર નથી. કારણ કે અક્કલથી મોટી કોઈ (બીજી) દૌલત નથી અને વહશતથી વધીને કોઈ (બીજી) નકબત (બલા) નથી.
- અલ્લાહ તઆલા ફસાદને પસંદ ફરમાવતો નથી. એટલા માટે ધરતી પર ફિત્નો-ફસાદ કરો નહીં.
- તે માણસ સાચો મુસલમાન નથી, જે પોતાનું પેટ ભરી લે અને તેનો પાડોશી ભૂખ્યો રહે.
- ગુનેહગાર સખી માણસ અલ્લાહ તઆલાની નજીક ઈબાદતગુઝાર બખીલથી બહેતર છે.
- સરદાર બનતાં પહેલાં ઈલ્મ હાસિલ કરો.

- બધી કુટેવોમાં સૌથી ખરાબ બે કુટેવો છે : (૧) કંજુસાઈ અને (૨) ડરપોકપણું.
- અલ્લાહ તઆલાએ જેવી રીતે તમારી પર અહેસાન કર્યું છે, એવી રીતે તમે પણ લોકો પર અહેસાન કરો.
- જે માણસ ખુદા અને કયામતના દિવસ પર યકીન રાખે છે તેને કહી દો કે, પાડોશીનો ખ્યાલ રાખે અને તેની ઈઝઝત કરે.
- ઈલ્મ (દીની ઈલ્મ) હાસિલ કરો, ભલેને તે માટે ચીન જવું પડે.
- પારણાંથી માંડી કબરમાં જતાં સુધી ઈલ્મ હાસિલ કરતા રહો.
- બે પ્રકારના માણસો પર રશ્ક (એટલે કે તેનાથી પણ ઉત્તમ થવાની ભાવના-તમન્ના) કરવો જોઈએ. એક તે માલદાર માણસ, જે ખુદા તઆલાના માર્ગમાં ખર્ચ કરે છે. અને બીજો તે માણસ જે ઈલ્મ દ્વારા ન્યાય કરે છે.
- તું અને તારો માલ તારા પિતાનો છે.
- જે પોતે (કોઈના ઉપર) દયા કરે નહીં, તે દયાને પાત્ર નથી.
- બહેતરીન પત્ની તે છે, જે પોતાના પતિને જુએ ત્યારે તે (ખુશીથી) ફુલી સમાય નહીં. જો તે તેણીને કોઈ હુકમ કરે તો તરત જ તેનો અમલ કરે અને બહેતરીન પતિ તે છે, જે પોતાની પત્ની સાથે સારો વર્તાવ કરે.
- પોતાના ઘરની દિવાલને એટલી હદે ઉંચી કરો નહીં કે જેનાથી પાડોશીના ઘરની હવા બંધ થઈ જાય.
- હે માપતોલ કરનારા વેપારીઓ ! તમારી ઉપર બે કામોની જવાબદારી મૂકવામાં આવી છે, જેના કારણે તમારાથી પહેલાંની કૌમો બરબાદ થઈ ગઈ (એટલે કે માપ અને તોલમાં બેઈમાની કરવાથી ખુદાના અઝાબનો તે લોકો શિકાર થઈ ગયા). જરૂરિયાતની ચીઝ-વસ્તુઓની સંગ્રહખોરી કરનારો કેટલો બધો બૂરો છે કે, અલ્લાહ

તઆલા જ્યારે ચીઝ-વસ્તુઓના ભાવ ઘટાડી દે છે, ત્યારે તેને ગુસ્સો ચઢે છે, અને જ્યારે ભાવ સપાટી ઉંચી જાય છે, ત્યારે તે ખુશીથી ફુલાઈ જાય છે.

અલ્લાહ તઆલા દરેક મોમિનને નેક તૌફીક બખ્શે, આમીન.

કુરઆનની ચેતવણી

- જે લોકો મુસલમાનોમાં બેહયાઈ અને નિર્લજજતાની ઈશાઅત (ફેલાવો) ઈચ્છે છે, તેઓને માટે દુનિયા અને આખિરતમાં દર્દનાક અઝાબ છે. *(પારહ-૧૮, રુકૂઅ-૮)*
- હે ઈમાનવાળાઓ ! શયતાનની પયરવી કરો નહીં. જે માણસ શયતાનની પયરવી કરશે, બેશક તે તેને નિર્લજજતા અને બૂરાઈની વાત બતાવશે. *(પારહ-૧૮, રુકૂઅ-૯)*
- ન્યાય, નેકી કરવાનો અને સંબંધીઓને આપવાનો અલ્લાહપાક હુકમ ફરમાવે છે અને બેહયાઈ, બુરાઈ અને સરકશીથી મનાઈ ફરમાવે છે. તમને નસીહત ફરમાવે છે કે, તમે ઈમાન કેન્દ્રિત કરો. *(પારહ-૧૪, રુકૂઅ-૧૯)*
- હે ઈમાનવાળાઓ ! પોતાની જાનો અને પોતાના ઘરવાળાઓને જહન્નમની આગથી બચાવો. *(પારહ-૨૮, રુકૂઅ-૫)*
- નેકી અને પરહેઝગારી પર પરસ્પર મદદ કરો અને ગુનાહ તથા ઝિયાદતી પર એકબીજાની મદદ કરો નહીં અને અલ્લાહપાકથી ડરતા રહો. બેશક, અલ્લાહનો અઝાબ સખ્ત અઘરો છે.

  (પારહ-૫, રુકૂઅ-૫)
- અલ્લાહપાકને ત્યાં તમારામાંથી સૌથી વધારે કિર્તીવંત તે છે, જે તમારામાં વધારે પરહેઝગાર છે. *(સૂરએ હુજરાત)*
- હે ઈમાનવાળાઓ ! યહૂદીઓ અને નસારા (ઈસાઈ)ઓને મિત્ર બનાવો નહીં.



શાને અહલે બયત

● અઝ : જનાબ 'અજમલ' સાહબ ●

અહલે સુન્નત કરતે હંય, તૌકીર અહલે બયતકી,
ખારજી હૈ જો કરે તેહકીર, અહલે બયતકી.

મુન્કિરો ઉન્કી સનાખ્વાં હય અહાદીસે નબી,
મદહખ્વાં હય આયએ તત્હીર, અહલે બયતકી.

ઉન્કી ઈઝઝત કરતે થે, હઝરત મોહંમદ મુસ્તફા*,
હક તઆલા કરતા હય તશહીર, અહલે બયતકી.

કરતે થે તાઅઝીમ ઉનકી કુલ સહાબા-તાબઈન,
સારી ઉમ્મત કરતી હય, તૌકીર અહલે બયતકી.

ઉન્કી ઉલ્ફત, ઉન્કી ઈઝઝત, જાન હય ઈમાનકી,
હૈ નબી કી દુશ્મની તેહકીર, અહલે બયતકી.

બોસ્તાને મુસ્તફા કે હંય યહી ખુશ રંગ ફુલ,
હૈ નબીકા આઈના તસવીર, અહલે બયતકી.

આજ તક તારીક કલ્બું તેરા બખ્તોં પર સદા,
નૂર બારી કરતી હય તનવીર, અહલે બયતકી.

યૌમે મહેશરકા તુમ્હેં ક્યા ડર, સગાને અહલે બયત,
જબ કે હૈ ખુલ્દે-બરીં જાગીર, અહલે બયતકી.

ઉનમેં દાખીલ હંય બનુ હાશિમ વ અઝવાજે નબી,
આલે ઝેહરા હી નહીં તફ્સીર, અહલે બયતકી.

દર હકીકત હંય નસબ સકના વિલાદત તીન બયત,
કુલસે સુન્ની કરતે હંય તઅબીર, અહલે બયતકી.

રાફઝીયો જમઅ હો સકતા નહીં એક કલ્બમેં,
બુગ્ઝ અસહાબે નબી તૌકીર, અહલે બયતકી.

કરતે અહલે બયત ખુદ, સારે સહાબાકા અદબ,
ખુદ અમલ શાહીદ હય ઔર તેહરીર, અહલે બયતકી.

અહલે બયતે પાકકી ઈઝઝત, સહાબાકા વકાર,
ઈઝઝતે અસહાબ હય તૌકીર, અહલે બયતકી.

સચ્ચી ઉલ્ફત ઔર અકીદત હો અતા 'અજમલ'કો ભી,
હો મોઇ બહરે અદુ શમશીર, અહલે બયતકી.

★.... સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ



PRINTED BOOK

To,

-: રવાના :-

મોહંમદ એ. માસ્તર

રૂહાની પયગામ (માસિક) કાર્યાલય

પંચાયત ભવન, દુકાન નં.૧૦ ટંકારીઆ-૩૯૨૨૪૦, તા. જિ. ભરૂચ

(ગુજરાત-ઈન્ડીયા) Mo. 98246 66347

સીટી પ્રિન્ટર્સ • પટેલ સુપર માર્કેટ, ભરૂચ • મો.૮૩૨૦૯૪૮૬૧૫